**સુવિચાર**
આપણે બધાએ જીવનમાં કોઈને કોઈ ઉદ્દેશ્ય સાથે આગળ વધવું જોઈએ. કેમ કે ઉદ્દેશ્ય બનાવવા અને એને પુરા કરવા એ જ જીવન જીવવાનું માધ્યમ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૧૦/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
# અમરેલી એક્સપ્રેસ
amreli express
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ ભાદરવા વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૪૪

## નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને વાઈબ્રન્ટ અમરેલી કાર્યક્રમ યોજાયો

# અમરેલી જિલ્લામાં વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ અંતર્ગત ૧૧.૨૭ કરોડનાં એમઆયુ થયા

**અમરેલી જિલ્લાને રોલ મોડેલ તરીકે સહિયારા પ્રયાસોથી વિકસાવવાનો પ્રયાસ કરાશે : વેકરિયા**

**ઉદ્યોગજગતનાં નિષ્ણાંતો દ્વારા વિવિધ વિષયો પર એક દિવસીય સેમિનાર યોજાયો**

**ટેક્ષટાઈલ, ખનિજ, જિનિંગ-સ્પિનિંગ ક્ષેત્રે અમરેલી જિલ્લાની આગવી ઓળખ**

**સાંસદ કાછડીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૩

રાજયમાં વેપાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટના ભાગરૂપે આગામી વર્ષે યોજાનાર સમારોહમાં જિલ્લા કક્ષાએથી ઉદ્યોગકારો, વેપાર સમૂહોનું પ્રતિનિધિત્વ થાય તેવા ઉદ્દેશથી જિલ્લા કક્ષાએ વાઈબ્રન્ટ સમારોહના ઉપલક્ષમાં 'વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ અમરેલી કાર્યક્રમ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડિયા–કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લાના ઉદ્યોગકારો વેપારીઓ સાથે B2B અને B2C કાર્યક્રમ, ઉદ્યોગ જગતના નિષ્ણાંતો અને સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા વિવિધ વિષયો પર એક દિવસીય સેમિનાર પણ યોજાયો હતો. આ સાથે જ જિલ્લાના વેપાર ઉદ્યોગ જગતનું તેમજ સરકારના વિવિધ વિભાગોનું પ્રદર્શન પણ યોજાયું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લાના પાંચ ઉદ્યોગ–વેપાર એકમોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મારફતે રોકાણ કરવા માટે એમ.ઓ.યુ. સાઈન કર્યા હતા. કાર્યક્રમમાં કુલ ૧૧.૨૭ કરોડ રૂપિયાના પાંચ એમ.ઓ.યુ. થયા હતા. કાર્યક્રમના પ્રારંભે સાંસદ નારણભાઈ કાછડિયાએ જણાવ્યુ કે, અમરેલી જિલ્લાના ૧૧ તાલુકામાંથી ૭ તાલુકામાં જી.આઈ.ડી.સી. કાર્યરત છે. લાઠી અને સાવરકુંડલામાં જી.આઈ.ડી.સી. મંજૂર થઈ ગઈ છે. જોકે, જંત્રીના દર ઉંચા હોવાથી વેપારીઓ પ્લોટ ખરીદી માટે આગળ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### મતીરાળા માર્ગ પર સામસામે બાઈક અથડાતા

# અમરેલી : લુવારીયા ગામના સગીરનું માર્ગ અકસ્માતમાં મોત

**રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

લાઠી, તા. ૩

લાઠી નજીક આવેલ લુવારીયા ગામનાં સગીર ૨ દિવસ પહેલા મતીરાળા ગામે શાક વેચી પરત ફરતો હોય લુવારીયા ગામ નજીક સામેથી આવી રહેલ બાઈક સાથે બાઈક અથડાતા સગીરનું મોત થયેલ છે.

મૃતક સગીરનું નામ સુનિલ પ્રવિણભાઈ રાજકોટીયા હોવાનું અને રાજકોટ ખાતે સારવાર દરમિયાન તેમનું મોત થયાનું જાહેર થયું છે.

**પ્રવેશ કાર્ય શરૂ છે**
**મુકેશ જાની કોલેજ અમરેલી**
- આર્ટસ પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- બી.સી.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- બી.એસ.સી. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
- D.M.L.T. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે

આજે જ સંપર્ક કરો
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૨ ૪૯૨૫૬

**બી.એડ. પ્રવેશ માટે**
મો. ૯૯૯૮૧ ૯૮૬૧૯
મો. ૯૯૦૯૫ ૨૩૪૧૮

**જોઈએ છે**
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

**ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ**
**શ્રી દિલીપભાઈ સંઘાણી**
ચેરમેનશ્રી : અ.જી.મ.સ.બેંક લી.
અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને વધુમાં વધુ સુદ્રઢ બનાવી ઉંચાઈનાં શીખરો પ્રાપ્ત કરાવતા રાષ્ટ્રીય સહકારી અગ્રણી એવા શ્રી દિલીપભાઈ સંઘાણી ની સતત નવમી વખત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં ચેરમેનપદે બિનહરિફ વરણી થતાં તેઓશ્રીને ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ...
: શુભેચ્છક :
શ્રી જસાભાઈ રામભાઈ મકવાણા – પ્રમુખ
શ્રી સંજયભાઈ ગુલાબદાસ કુબાવત – મંત્રી
શ્રી વાંકીયા સેવા સહકારી મંડળી લી.
મુ. વાંકીયા, તા. બાબરા, જી. અમરેલી.

**ખુબ-ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ**
શ્રી પ્રવિણભાઈ કરકર – પ્રમુખ, નગરપાલીકા - બાબરા
શ્રી અંકુરભાઈ જસાણી – ઉપપ્રમુખ, નગરપાલીકા - બાબરા
શ્રી ભરતભાઈ રંગપરા – નેતા શાસક પક્ષ, નગરપાલીકા - બાબરા
શ્રી લીલાબેન અશ્વિનભાઈ મકવાણા – ચેરમેન : કારોબારી સમિતિ, નગરપાલીકા - બાબરા
શ્રી કિંજલબેન ગંભીરસિંહ સોલંકી – દંડક, નગરપાલીકા - બાબરા
બાબરા નગરપાલીકામાં આપ સર્વે આગેવાનોની વરણી થતાં આપ સહુને ખુબ-ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ આપના શાસનકાળમાં બાબરા નગરપાલીકા તેમજ બાબરા શહેરનો સર્વાંગી વિકાસ થતો રહે તેવી શુભેચ્છાઓ...
: શુભેચ્છક :
**શ્રી વિવેકાનંદ સ્કૂલ્સ્ - બાબરા**
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જી. અમરેલી.
95861 02525 / 94274 55593 / 944288 92183

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

Krishna DINING HALL
**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

**''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક**
**જોઇએ છે**
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યક્તિઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય...........................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

# અમરેલી ખાતે અમદાવાદની ''ક્રિશ હાર્ટ કેર'' ટીમનાં તબીબોએ હાર્ટ વિશે વાતો કરી





ક્રિશ હાર્ટ કેર એ અમદાવાદ અને ગુજરાતની અગ્રણી હોસ્પિટલોમાં કાર્યરત ૯ કાર્ડિયોલોજિસ્ટનું એક જૂથ છે, જે એક બહુ–શાખાકીય ટીમ અભિગમ, નવીનતમ તકનીક, કુશળ કુશળતા, અખંડિતતા અને ઉચ્ચ નૈતિક ધોરણો દ્વારા કાર્ડિયોવેસ્ક્યુલર રોગોમાં કરૂણાપૂર્ણ સંભાળ પૂરી પાડવા માટે કાર્ડિયોલોજીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગત તા. ૩૦ મી સપ્ટેમ્બર શનિવારનાં રોજ અમરેલીમાં વિ હૃદય દિવસ પ્રસંગે ક્રિશ હાર્ટ કેર ટીમનાં કાર્ડિયોલોજિસ્ટ્સ ડો. ભાવેશ ઠક્કર, ડો. સંજીવ પ્રજાપતિ અને ડો.ઉત્સવ ઉનડકટે અમરેલીના આઈએમએ ડોકટરો સાથે સીએમઈમાં હેલથી હાર્ટ પર અને હૃદયસ્તંભતા ( Sudden cardiac death) પર વાતો કરી હતી. આ સીએમઈમાં સ્ત્રી રોગ વિશેધન ડો. કોમલ ઉનડકટ ડીએનબી (સ્ત્રી રોગવિજ્ઞાન) વંધ્યત્વ (Infertility) વિશે વાત કરી હતી. આઈએમએ અમરેલી પ્રેસીડેન્ટ ડો. જી.જે .ગજેરાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તથા આઈએમએ અમરેલી વાઈસ પ્રેસીડેન્ટ ડો. વિરલ ગોયાનીએ આભાર મત આપ્યો હતો.

### નિવૃત્ત થયેલા અધિકારીઓ, કર્મચારીઓ અડીંગો જમાવી બેઠા છે

## સરકારના વિવિધ વિભાગોમાં મોટા પાયે કર્મચારીઓની ઘટ જોવા મળે છે

### પ્રદેશ કોંગી મીડિયા કન્વીનર ડો. દોશીનું નિવેદન

અમદાવાદ, તા. ૩

મુખ્યમંત્રી કાર્યાલયમાં આઠ–દસ વર્ષથી નિવૃત થયેલા અધિકારીઓ–કર્મચારીઓ અડીંગો જમાવી બેઠા છે. સરકારનાં મોટાભાગનાં વિભાગોમાં અગત્યની જગ્યા પર નિવૃત કર્મચારીઓનો ભરડો હોય બીજી બાજુ સરકારનાં વિભાગમાં મોટા પાયે કર્મચારીઓની ઘટ ત્યારે આઉટ સોર્સીંગ–કોન્ટ્રાકટથી ગુજરાતમા યુવાનોનું આર્થિક શોષણ કરતી ભાજપા સરકારનાં બેવડા ધોરણ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડીયા કન્વીનર અને પ્રવકર્તા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતુ કે, મોટા ભાગનાં સરકારી વિભાગોમાં જાહેર સેવા અંગેનાં નાગરિક સંસ્થા નિયમ – ૨૦૧૩નો ૧૦ વર્ષથી લાગુ ન કરીને ગુજરાતની જનતાને ભાજપ સરકાર અન્યાય કરી રહી છે. નાગરિક અધિકાર કાયદો લાગુ ન થવાથી ગુજરાતનાં નાગરિકોના હકક અધિકાર મેળવવા પારાવાર મુશ્કેલી પડી રહી છે. જાહેર જનતા જયાં સીધા સંપર્કમાં આવે છે. તેવા વિભાગોમાં ૫૦ ટકા થી વધુ જગ્યાઓ ખાલી છે. રોજબરોજની જરૂરીયાત એવા કામો માટેની સેવા આઉટ સોર્સીંગ અને કોન્ટ્રાકટર દ્વારા સરકાર ચલાવી રહી છે. મહત્વનાં પદ પર નિવૃત બાદ કરાર આધારિત અધિકારીઓ અડીંગો જમાવીને બેઠા છે. કર્મચારીઓના કામગીરી મુલ્યાંકન કરવા માટે સરકાર પાસે કોઈ વ્યવસ્થા નથી. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પરથી સરદાર સરોવર યોજનાનાં મુખ્ય ઓપરેશન પરના અધિકારીઓ સાત વર્ષથી નિવૃતી પછી સતા ભોગવી રહયાં છે. સરદાર સરોવર સહિતનાં મહત્વનાં પ્રોજેકટમાં ૪૫ ટકા કરતા વધારે જગ્યા ખાલી છે. ગુજરાતમાં ૪,૬૯,૧૩૩ કાયમી કર્મચારીનું મહેકમ છે. સરકાર જે કાયમી ભરતી પ્રક્રિયા હાથ નહી ધરે તો આગામી ૧૦ વર્ષમાં ગુજરાતનાં અનેક વિભાગો કર્મચારી વિનાનાં ખાલી થઈ જશે. સરકાર કાયમી ભરતી પ્રક્રિયા ન કરીને ૧૦ લાખથી વધુ આઉટ સોર્સીંગ, કોન્ટ્રાકટર પ્રથા હેઠળ ગુજરાતનાં યુવાનોનું શોષણ કરી રહી છે.

રાજય સરકારનાં વૈદ્યાનિક અને સંસદીય બાબતનો વિભાગ એકસટેન્શન વાળા અધિકારીઓનું જ રાજ ચાલી રહયું છે. તો લાયકાત ધરાવતાં અધિકારીઓ બઢતી મેળવ્યા વગર જ રિટાયર્ડ થઈ જાય છે. પરિણામે વિભાગની કામગીરીને સીધી અસર જોવા મળે છે. આ નિવૃત અધિકારીઓ નિવૃતિ બાદ ૮/૧૦ વર્ષથી એકસટેન્શન આપવામાં આવતું હોવાથી લાયકાત ધરાવતા ઉમેદવાર લાયકાત અધિકારીઓની બઢતી રોકાઈ ગઈ છે. અને વિભાગમાં નિષ્ક્રિયતા અને શુષ્ક વાતાવરણ થઈ જાય તે સ્વાભાવિક છે.

શિક્ષણ વિભાગમાં ૩૨૦૦૦ શિક્ષકો સાથે મહત્વની જગ્યાઓ લાંબા સમયની ખાલી છે. આરોગ્ય વિભાગમાં મોટા ભાગનાં વર્ગ–૩ અને ૪નાં કર્મચારી કોન્ટ્રાકટર અને આઉટ સોર્સીંગથી ચાલી રહયાં છે. રાજયનાં મહેસુલ વિભાગમાં ૬ હજારથી વધુ તલાટીની જગ્યા ખાલી છે. બે–ત્રણ ગામ વચ્ચે એક તલાટીની જવાબદારી સંભાળે છે. વસ્તીનાં પ્રમાણે કાયદો – વ્યવસ્થા સંભાળતા પોલીસ દળમાં ૪૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. રાજયની વસ્તીમાં વધારો થયો પણ કર્મચારીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહયો છે. સરકારનાં વધુ એક નિર્ણય થી કર્મચારીમાં અસુરક્ષાની લાગણી અનુભવી રહયાં છે. જુની પેન્શન યોજના, કાયમી ભરતી, ફિકસ પે દુર કરો સહિતની માંગ સાથે કર્મચારી આંદોલન ચલાવી રહયાં છે. રાજય સરકાર લાંબા સમયથી ભરતી કરતી નથી, ગુજરાતનાં હજારો યુવાનો નોકરીની રાહ જોઈને વયમર્યાદા વટાવી રહયાં છે. અનેક અધિકારીઓ સામે ગંભીર ખાતાકીય તપાસ છતાં નિવૃતી સુધી તપાસનાં નામે નાટક ચાલે છે. અને નિવૃતી બાદ કરાર આધારિત મહત્વની નિમણુંક કરવામાં આવી રહી છે. સરકારી કર્મચારીઓ પાસેથી નિયમ પ્રમાણેનાં કામ લેવામાં નિષ્ફળ ભાજપ સરકાર કર્મચારીઓ પાસે મનમાની કરાવા વધુ એક પરિપત્ર દ્વારા ભય ઉભો કરી રહી છે.

## થોરડી : લોકવિદ્યા મંદિર ખાતે ગાંધી જયંતિની ઉજવણી કરાઈ




સાવરકુંડલા, તા. ૩

થોરડી ખાતે લોકસેવક સંઘ સંચાલિત લોકવિદ્યા મંદિર અને શ્રી નિવાસી અંધ વિદ્યાલય થોરડીમાં બીજી ઓકટોબર ૨૦૨૩ના રોજ ગાંધી સપ્તાહ જન્મજયંતિ મહોત્સવનું આયોજનકરવામાં આવ્યું હતું.

જેમાં ગાંધી જયંતિ ૨૦૨૩ નિમિતે આજુબાજુના પાંચ ગામમાં સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં શાળાના સૌ બાળકો, શિક્ષક ભાઈઓ–બહેનો તેમજ નવસર્જન ગૃપ થોરડીના યુવાનો, સભ્યો જોડાયા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓમાં વકૃતત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતિમ ચરણમાં ગાંધી વ્યાખ્યાન માળાનું આયોજન થયું હતું જેમાં મુખ્ય વકતા તરીકે રવિન્દ્રભાઈ અંધારિયા (ગુલાબરાય સંઘવી બી. એડ. કાલેજ ભાવનગર ભૂ. પૂર્વ. આચાર્ય) રહ્યા હતા. જેઓએ બાળ કો સાથે ગાંધી વિષય પર સરળ ભાષામાં મોહનથી મહાત્મા સુધીની સફરને વર્ણવી હતી. કાર્યક્રમના અંતે વકૃતત્વ સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ શાળા પરિવાર અને 'સર્વ મંગલ સંકુલ'ના સૌ કર્મચારીઓના સહકાર અને સમન્વયથી સફળ રહ્યો હતો.

## અમરેલીમાં વેપારી મહામંડળની બેઠકમાં રાજુભાઈ શિંગાળાનું સન્માન કરાયું

સાવરકુંડલા, તા. ૩

અમરેલીના આંગણે ગણેશ પાર્ટી પ્લોટ ખાતે વેપારી મહામંડળ દ્વારા આયોજિત બેઠકમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, લોકસેવક મુકેશભાઈ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અનિભાઈ સાવલીયા તેમજ વેપારી મહામંડળના આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વેપારી મહામંડળના પ્રમુખ બિરજુભાઈ અટારા, સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તથા વેપારી મહામંડળના સ્થાપક સંજયભાઈ વણઝારા દ્વારા અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી રાજુભાઈ શીંગાળાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે યોજાયેલ બેઠકમાં વેપારી મહામંડળ ના તમામ પ્રમુખો અને મહામંત્રીઓની ઉપસ્થિતિ રહી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફ્સ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## ઝર ગામે થયેલ હત્યાનાં ગુન્હામાં આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડતી પોલીસ



અમરેલી તા. ૩

ધારી તાલુકાના ઝર ગામે રહેતા આરોપી યુનુસભાઇ ઉર્ફે ભકો ગોદડભાઇ લલીયા પોતાની પત્નિને અવાર નવાર માનસિક તથા શારીરીક ત્રાસ આપતો હોય અને તા–૧ ના સવારના અગીયારેક વાગ્યાના સમય દરમ્યાન પતિએ પોતાની પત્નિ મદિનાબેન ઉર્ફે મુમતાઝબેન ઉર્ફે મુનીબેનને સાથે માથાકુટ કરી પોતાની પત્નિને કુવાડા વડે મોઢાના ભાગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી નાશી ગયેલ હોય,

ભાવનગર રેન્જ આઇ.જી.પી. ગૌતમ પરમારે ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ખુન જેવા ગંભીર ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે જરૂરી સૂચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે ખુન જેવા ગંભીર ગુન્હાને અંજામ આપી. નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અનુસંધાને ચલાલા પોલીસ સબ.ઈન્સ પી.ડી.ગોહીલની રાહબરી હહેઠળ ચલાલા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા આઈ.પી.સી કલમ – ૩૦૨ના ગુન્હાના કામના આરોપીને પકડવા માટે અલગ અલગ પોલીસ ટીમો બનાવી ચોક્કસ હકિકત તથા જરૂરી બાતમી મેળવી આરોપીને ચલાલા તાબાના ઝર ગામની દક્ષીણ બાજુની સીમમાં આવેલ કર્ટીંગની ખીણમાં રેલ્વેના પુલ નિચેથી આરોપી યુનુસભાઇ ઉર્ફે ભકો ગોદડભાઇ લલીયાને ટેકિનકલ તથા હ્યુમનસોર્સ આધારે પકડી પાડી આરોપીને ઉપરોક્ત ગુન્હાના કામે ધોરણસર અટક કરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

### પ્રદેશ કોંગ્રેસ ઓબીસી પ્રમુખની ઉપસ્થિતિમાં

## અમરેલીમાં મહિલા અનામતમાં ઓબીસીનો સમાવેશ કરવા માંગ

### જિલ્લાના ઓબીસી સેલનાં આગેવાનો જોડાયા



અમરેલી, તા. ૩

અમરેલી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી પ્રમુખ ઘનશ્યામભાઈ ગઢવીનાં માર્ગપૂર્વ નીચે તા.૨૮/૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૧ વાગે ઓબીસી મહિલાઓ લોકસભા રાજયસભા અને વિધાનસભામાં મહિલા અનામત બીલમાંથી બાકાત રાખવામાં આવેલ એ બાબતે અમરેલી કોંગ્રેસ ઓબીસી પ્રમુખ રમેશભાઈ ગોહિલ, મહામંત્રી દિલીપભાઈ વસિયા, અમરેલી જિલ્લા કોંગ્રેસ આગેવાન ટીકુભાઈ વરૂ, કાળુભાઈ ગોહિલ, રવજીભાઈ એન.મકવાણા, વિજયભાઈ કામળીયા, સવજીભાઈ ડાભી, તેમજ અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી હોદેદારો તાલુકા અને શહેર પ્રમુખ મહામંત્રી ઉપસ્થિત લોકસભા રાજયસભા વિધાનસભા મહિલા આરક્ષ બિલમાં સામેલ કરવા વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ.

# રાજુલા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય કેન્દ્રમાં સ્વચ્છતા અભિયાન







સ્વચ્છતા બાબતે લોકોમાં જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા હી સેવા–સ્વચ્છતા માટે શ્રમદાનના આ વર્ષના કચરામુકત ગુજરાત અને કચરા મુકત ભારતના ઉદેશને સાકાર કરવા માટે રાજુલા તાલુકાના દરેક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧ ઓકટોબરના રોજ સવારના ૧૦ થી ૧૧ વાગ્યા સુધી સ્વચ્છતા થકી મહાશ્રમદાનની ઉજવણી કરી લોકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. રાજુલા તાલકુના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો ખાતે કમ્પાઉન્ડ હોલ, આરોગ્ય કેન્દ્રની અંદરનો વિસ્તાર અને સાધનોની સાફ–સફાઇ કરી લોકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરી મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા ત્યાં જ પ્રભુતાના સંદેશને ખરા અર્થમાં સાકાર કરવામાં આવેલ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા દ્વારા ડોળીયા અને ડુંગર આરોગ્ય કેન્દ્ર ખાતે હાજર રહી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયેલ. સ્વચ્છતા માટે શ્રમદાનના આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા, ડો. જયકાંત પરમાર, ડો. પરેશ કાતરીયા, ડો. પ્રતાપ પોપટ, વૈભવી લાડુમોર, કામિનીબેન ચુડાસમા, માલતીબેન પીપળીયા અને મયંકભાઈ ત્રિવેદી સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા કામગીરી કરી સ્વચ્છતા માટે શ્રમદાનની એક કલાક ફાળવેલ જે યાદીમાં જણાવેલ છે.

# અમરેલીના કેરિયા માર્ગ ઉપર ૫૦ લાખના ખર્ચે ગાર્ડન બનાવવાનો પ્રારંભ



અમરેલી પાલિકા દ્વારા વોર્ડ–૫ વિસ્તારના કેરીયા રોડ ખાતે રૂપિયા ૫૦ લાખના ખર્ચે સ્થાનિક લોકોની સુવિધા અર્થે ગ્રીન સ્પેસ અને ગાર્ડન ડેવલોપમેન્ટનું ખાતમુર્હુત કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ધારાસભ્ય કૌશિભાઈ વેકરિયા, અમર ડેરીના વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, પ્રદેશ અગ્રણી મનિષભાઈ સંઘાણી, જીલ્લા મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી શહેર પ્રમુખ ભાવેશભાઈ સોઢા, અમરેલી નગર પાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, ઉપપ્રમૂખના પ્રતિનિધી વિશાલભાઈ કલેના, મહામંત્રી ભરતભાઈ મકવાણા, શિક્ષણ સમિતી ચેરમેન તુષારભાઈ જોષી, દંડક દિલાભાઈ વોર્ડ–૫ સક્રિય નગરસેવક ચિરાગ ચાવડા, હરિભાઈ કાબરિયા, સંજયભાઈ માલવિયા તથા પીન્ટુભાઈ, સુરેશભાઈ, સંદીપભાઈ, હરેશભાઈ, અનિલભાઈ તમામ નગરસેવકો, કેરીયા રોડ, ભોજલપરાના આગેવાનો, દિનેશભાઈ ભૂવા, રઘુદાદા રોકડ, ફીણાવ્યા દાદા બાલાભાઈ વઘાસીયા, વજુકાકા, રાજનભાઈ રામાણી, પ્રકાશભાઈ કાબરીયા, ધવલભાઈ, કલ્પેશભાઈ વોરા, વિરલભાઈ, ચિરાગભાઈ, જીગાભાઈ, સાગરભાઈ, હિરેનભાઈ, મુલાણી તમામ રોડના આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કોઇ સમાજ વિરોધી તત્વનું કારસ્તાન

## લીલીયામાં જુના ફોટા વાયરલ કરીને પોલીસને બદનામ કરવાનો પ્રયાસ થયો

### પોલીસે અને સરપંચે દૂધનું દૂધને પાણીનું પાણી કર્યુ

લીલીયા, તા. ૩

લીલીયા તાલુકા વિસ્તારમાં સોશીયલ મીડીયાના માધ્યમથી દારૂની કોથળીઓ તથા દારૂના બાટલાઓ પડેલ હોય અને લીલીયા નાવલી વિસ્તારમાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતુ હોય જેવી માહીતી સાથે ફોટા વાયરલ કરેલ હોય જે અનુસંધાને લીલીયા ગામમાં આવેલ નાવલી બજાર તથા સંઘવાળી શેરી તથા અલગ અલગ ફોટાઓમાં આવેલ જગ્યાઓ અંગે જઈ તપાસ કરી સદરહુ જગ્યાઓએ લીલીયા ગામના સરપંચ જીવનભાઈ વોરા તથા આગેવાનો સાથે લીલીયા પીએસઆઈ એસ.આર.ગોહીલ જઈ તપાસ કરતા આવી કોઈ ગે.કા. દારૂની પ્રવૃતિ કે કોઈ દારૂની કોથળીઓ કે કોઈ બાટલાઓ પડેલ જોવામા આવેલ નહી. પરંતુ અગાઉના કચરાના ઢગલા પડેલ હોય જે રોજ સવારે ગ્રામ પંચાયતના સફાઈ



કર્મીઓ ટ્રેકટરમાં ભરી લઈ જતા હોય તે અગાઉના ફોટા આ સોશ્યલ મીડીયાના માધ્યમથી વાયરલ કરેલ હોય અને આ અગાઉના જુના ફોટા પાડી સોશ્યલ મીડીયાના માધ્યમથી વાયરલ કરી ખોટી પ્રસિદ્ધી મેળવવાના હેતુથી અને પોલીસને બદનામ કરવા સારૂ આ અગાઉના કચરાના ઢગલા પડેલ હોય તેના ફોટા વાયરલ કરેલ છે.

અગાઉ તા. ૨૬/૦૯/૨૦૨૩ ના રોજ પણ લીલીયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.આર.ગોહીલ દ્વારા લીલીયા તાલુકા વિસ્તારના ગામોના સરપંચો તથા રાજકીય હોદ્દેદારો તથા ગામ આગેવાનો સાથે મીટીંગ કરી "ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી" કાર્યક્રમ અંતર્ગત દારૂ–જુગાર જેવી કોઈપણ ગે.કા. પ્રવૃતિઓ થતી હોય તો જાણ કરવા જાહેર અનુરોધ કરવામાં આવેલ હતો. કોઈપણ વિસ્તારોમાં થતી ગે.કા. દારૂ કે અન્ય કોઈ પ્રવૃતિ જણાયતો તુર્તજ લીલીયા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા જાહેર જનતાને અનુરોધ કરવામા આવેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## ચલાલામાં ૧૦ ઓકટોબરનાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા. ૩

વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૦/૧૦/૨૦૨૩ બુધવારનાં રોજ ૨૫૯મો નેત્રયજ્ઞ, દંડયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જિલ્લા અંધત્વ નિવારણ સમિતિનાં ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

સેરેરેયુગાન્ઠા ગૃપ અને બધા સેરેરે પિતૃઓનાં સહયોગથી યોજાનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન ધ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાંત કાઢવા, ચાંદી પુરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે, શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

હરિબા મહિલા કોલેજમાં દીકરી માટે બી.પી.ઈ.એસ. (સ્પોર્ટસ), આર્ટસ, કોમર્સ, બીસીએ જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ. રતિદાદની એક યાદીમાં જણાવાયું છે.

### બહેન સાથે રકઝક થતાં રિસાઈ ગયા બાદ


## ગુમ થયેલ બાળકને ગણતરીની મિનિટોમાં જ પોલીસે શોધી કાઢયો

### બાળકનાં પરિવારે પોલીસનો આભાર માન્યો

અમરેલી, તા. ૩

રાજુલા ટાઉન વિસ્તારમાં ગુમ થયેલ બાળ કિશોરને ગણતરીના કલાકોમાં શોધી કાઢી માતા–પિતા સાથે સુખદ મિલન સ્થાનિક પોલીસે કરાવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, નટુભાઈ બાવભાઈ ગરજણે (રાવળ દેવ) રાજુલા પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરેલ કે મારો દીકરો રોનક (ઉ.વ. ૧૧) ઘરેથી બરણી લઈને દૂધ લેવા ગયેલ અને દૂધવાળાનાં ઘરની બહાર બરણી મુકીને કયાંક જતો રહેલ. ઘણો સમય થવા છતાં પરત આવેલ નથી એવી રજૂઆત કરેલ હતી. જે અન્વયે પોલીસ ઈન્સ્પેકટર સી.એસ. કુગસીયાએ તુર્તજ પોલીસની ટીમો બનાવી ગુમ થયેલ બાળક શોધવા માટે સુચના અને માર્ગદર્શન આપેલ. જે અન્વયે પોલીસ ટીમ આજુબાજુનાં તમામ વિસ્તારો તપાસેલ તથા સીસીટીવી કેમેરાની મદદથી ગુમ થયેલ બાળકને શોધી કાઢવા પોલીસની અલગ અલગ ટીમો પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન આ કામે ગુમ થયેલ બાળક ડુંગર રોડ ઉપર આવેલ રેલ્વે ફાટક પાસે પાન–માવાની કેબીન પાસે મળી



આપવા પુછપરછ કરતા જણાવેલ કે ઘરેથી બરણી લઈને દૂધ લેવા ગયેલ ત્યારે મારી બહેન જાનવી બહેને મને ઠપકો આપતા દૂધની બરણી દૂધવાળાના ઘરની બાજુમાં બજારમાં મુકીને કોઈને કહ્યા વગર રિસાઈને જતો રહેલ હોવાનું જણાવેલ. જેથી ગુમ થયેલ બાળ કિશોરને ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેના માતા–પિતા સાથે સુખદ મિલન કરાવવામાં આવેલ છે.


મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZ-S
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
» - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

### બિહારમાં જાતિ આધારિત વસતી ગણતરીનો અહેવાલ રજૂ

# કોંગ્રેસ જાતિ આધારિત વસતી ગણતરીને ચૂંટણીનો મુદ્દો બનાવી રહી છે

## જાતિ આધારિત વસ્તી ગણતરીએ ઈન્ડિયા ગઠબંધનનો મહત્વપૂર્ણ ચૂંટણી મુદ્દો છે

પટણા, તા.૩

બિહારમાં જાતિ આધારિત વસતિ ગણતરીનો અહેવાલ રજૂ થયો હતો. ડેવલપમેન્ટ કમિશ્નર વિવેક સિંહે રિપોર્ટ જાહેર કર્યો હતો. પાંચ રાજ્યોની આગામી વિધાનસભા અને લોકસભા ચૂંટણી પહેલા જાહેર કરવામાં આવેલા આ રિપોર્ટમાં ચૂંટણી એજન્ડા પણ નક્કી કરવામાં આવ્યો છે. ઈન્ડિયાજાતિ આધારિત વસતિ ગણતરી કરવા માટે કેન્દ્ર પાસે સતત માંગ કરી રહ્યું છે.

બિહાર સરકારના આ અહેવાલ બાદ સામાજિક ન્યાયનો મુદ્દો જોર પકડી શકે છે. કોંગ્રેસ મુજબ જેટલી વસતી, એટલા વધુ અધિકારો સાથે જાતિ આધારિત વસતી ગણતરીનો મુદ્દો જોરશોરથી ઉઠાવી રહી છે. પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે, બિહારની જાતિ ગણતરી દર્શાવે છે કે ઓબીસી, એસસીઅને એસટીની વસ્તી ૮૪ ટકા છે. કેન્દ્રના ૯૦ સચિવોમાંથી માત્ર ત્રણ જ ઓબીસીછે. તે ભારતમાં માત્ર પાંચ ટકા બજેટ સંભાળે છે.

પાંચ રાજ્યોની ચૂંટણીમાં કોંગ્રેસ તેને ચૂંટણીનો મુદ્દો બનાવી રહી છે. મધ્યપ્રદેશમાં પાર્ટીએ વચન આપ્યું છે કે, રાજ્યમાં સરકાર બન્યા બાદ જાતિ આધારિત વસતી ગણતરી કરવામાં આવશે. પાર્ટી અન્ય ચૂંટણી રાજ્યોમાં પણ આવા જ વચનો આપી રહી છે. કર્ણાટકમાં સરકારની રચના પછી, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પછાત વર્ગ આયોગના ૨૦૧૫ના જાતિ-વાર સામાજિક-આર્થિક સર્વેના અહેવાલને સ્વીકાર્યો છે, જે જાતિ આધારિત વસતી ગણતરી માટે કોંગ્રેસની પ્રતિબદ્ધતાનો સંકેત આપે છે.

જાતિ આધારિત વસ્તી ગણતરીએ ઈન્ડિયાગઠબંધનનો મહત્વપૂર્ણ ચૂંટણી મુદ્દો છે. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ઓબીસીમતદારોના મોટા વર્ગે ભાજપને સમર્થન આપ્યું હતું. સીએસડીએસના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૧૯માં પ્રભાવશાળી ઓબીસીજાતિના ૪૦ ટકા મતદારોએ ભાજપને મત આપ્યો હતો. જ્યારે નબળી ઓબીસીજાતિના ૪૮ ટકા વોટ ભાજપને મળ્યા છે. આવી સ્થિતિમાં ઈન્ડિયાજાતિ આધારિત ગણતરીના મુદ્દે ઓબીસીના વોટને ખેંચી શકે છે.

### ગરબા આયોજકોની અનોખી તૈયારી

# ગરબાના આયોજન સ્થળે ICU એમ્બ્યુલન્સ તહેનાત રહેશે

## હાર્ટ એટેકની ઘટનાને લઇ સતર્ક બન્યાં છે, ત્યારે આરોગ્યને લઇને સુરતમાં ગરબાને લઇને ખાસ તૈયારીઓ કરાઇ છે

અમદાવાદ, તા.૩

નવરાત્રીન હવે થોડાક જ દિવસો બાકી છે. ખેલૈયાઓમાં નવરાત્રિનો થનગનાટ જોવા મળી રહ્યો છે. બીજી તરફ ગરબા પહેલા ગુજરાતમાં ગરબાની પ્રેક્ટિસ કરી રહેલા યુવકોના મોતની અનેક ઘટનાઓ સામે આવી છે. સુરતના ગરબા આયોજકો પણ રાજ્યમાં નાની ઉંમરના લોકોમાં વધતી હાર્ટ એટેકની ઘટનાને લઈ સતર્ક બન્યા છે.

ત્યારે આરોગ્યને લઈને સુરતમાં ગરબાને લઈને ખાસ તૈયારીઓ કરાઈ છે.હાર્ટ એટેકના કિસ્સામાં ખેલૈયાઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ગરબા આયોજકોએ તૈયારી શરૂ કરી છે. ગરબાના આયોજન સ્થળે આરોગ્યને લઈ સુવિધા ઉભી કરવામાં આવશે. આયોજન સ્થળે ૮ તબીબોની ટીમ તહેનાત રહેશે. એટલું જ નહીં એક ICU એમ્બ્યુલન્સ અને એક એક્સ્ટ્રા એમ્બ્યુલન્સ તહેનાત રહેશે. સાથે સાથે સુગર, બીપીના દર્દીઓ માટે ફ્રીમાં દવાનું વિતરણ પણ કરાશે.મહત્વનું છે કે ત્રણ દિવસ પહેલા પલસાણાના બગુમરા ગામે આમલી ફળિયામાં મિત્રો સાથે ૨૧ વર્ષીય યુવક ગરબાની પ્રેક્ટિસ કરી રહ્યો હતો.

આ દરમિયાન યુવક અચાનક જ ઢળી પડ્યો હતો. તેથી યુવકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો.તે પહેલા રાજકોટમાં એક જ દિવસમાં ૩ યુવકોના હાર્ટ એટેકથી મોત નિપજ્યા હતા. રાજકોટના રૈયા રોડના ૨૬ વર્ષિય યુવકનું હાર્ટ એટેકથી મોત થયું, તો કોઠારીયા રોડ પર ૪૦ વર્ષિય યુવકનો હાર્ટ એટકથી જીવ ગયો હતો. તો કાલાવડ રોડ વિસ્તારનો યુવક પણ હાર્ટ એટેકનો શિકાર બન્યો હતો.

### રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૨ માપવામાં આવી

# દિલ્હી-એનસીઆર સહિત ઉ.ભારતના અનેક વિસ્તારોમાં ભૂકંપના તીવ્ર આંચકા

નવી દિલ્હી,તા.૩

મંગળવારે દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટરના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૨ માપવામાં આવી હતી. પંખા અને લાઈટ જેવી વસ્તુઓ પણ ફ્લોર પર ધ્રૂજતી જોવા મળી હતી. નોઈડામાં ૧૦ થી ૧૫ સેકન્ડ સુધી સતત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉ અને બરેલીમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપથી ઉત્તરાખંડની ધરતી પણ ધ્રુજી હતી.અચાનક ધરતીકંપના આંચકાના કારણે લોકો ભયભીત થઈ ગયા હતા. ભૂકંપ આવવાનો સમય બપોરે ૨.૫૩ વાગ્યાનો હતો. નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજી અનુસાર, ભૂકંપ મંગળવારે બપોરે ૨:૨૫ વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્ર નેપાળમાં હતું. તેની ઊંડાઈ પૃથ્વીની સપાટીથી ૧૦ કિમી નીચે હતું

ધરતીકંપ આવવાનું મુખ્ય કારણ પૃથ્વીની અંદર પ્લેટોનું અથડામણ છે. પૃથ્વીની અંદર સાત પ્લેટ છે જે સતત ફરતી રહે છે. જ્યારે આ પ્લેટ્સ કોઈક સમયે અથડાય છે, ત્યારે ત્યાં ફોલ્ટ લાઈન ઝોન રચાય છે અને સપાટીના ખૂણા ફોલ્ડ થાય છે. સપાટીના ખૂણાને લીધે, ત્યાં દબાણ વધે છે અને પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. આ પ્લેટો તૂટવાને કારણે અંદર રહેલી ઉર્જા બહાર આવવાનો રસ્તો શોધી લે છે, જેના કારણે પૃથ્વી ધ્રુજે છે અને આપણે તેને ભૂકંપ માની લઈએ છીએ.

રિક્ટર સ્કેલ પર ૨.૦ થી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપોને સૂક્ષ્મ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને અનુભવી શકાતા નથી. રિક્ટર સ્કેલ પર સૂક્ષ્મ શ્રેણીના ૮,૦૦૦ ભૂકંપ વિશ્વભરમાં દરરોજ નોંધાય છે. તેવી જ રીતે, ૨.૦ થી ૨.૯ ની તીવ્રતાવાળા ધરતીકંપોને માઈનોર કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આવા ૧,૦૦૦ ધરતીકંપો દરરોજ આવે છે, જે આપણે સામાન્ય રીતે અનુભવતા પણ નથી. ૩.૦ થી ૩.૯ ની તીવ્રતાના અત્યંત હળવા ધરતીકંપ એક વર્ષમાં ૪૯,૦૦૦ વખત નોંધાયા છે. તેઓ અનુભવાય છે પરંતુ ભાગ્યે જ કોઈ નુકસાન પહોંચાડે છે. લાઈટ શ્રેણીના ધરતીકંપો ૪.૦ થી ૪.૯ તીવ્રતાના હોય છે જે સમગ્ર વિશ્વમાં એક વર્ષમાં લગભગ ૬,૨૦૦ વખત રિક્ટર સ્કેલ પર નોંધાય છે. આ આંચકા અનુભવાય છે અને તેના કારણે ઘરની વસ્તુઓ હલતી જોવા મળે છે. જો કે, તેઓ નજીવું નુકસાન પહોંચાડે છે.

દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમાં મંગળવારે ભૂંકપના મોટા આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકા એટલા ભયંકર હતા કે લોકો ઘર અને ઓફિસોથી બહાર દોડી આવ્યા હતા. મંગળવારે એક-બે નહીં ચાર ભૂકંપ આવ્યા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, ભૂકંપનું કેન્દ્ર બિંદુ નેપાળમાં હતું. જે ભૂંકપના આંચકા અનુભવાયા તે અડધા કલાકમાં બીજી વખત આવ્યો હતો. ભૂકંપની તીવ્રતા એટલી વધુ હતી કે દિલ્હી, ઉત્તરાખંડ સિવાય નેપાળમાં પણ આંચકા અનુભવાયા. નેપાળમાં તો ભૂંકપના કારણે કેટલાક ઘરોની દિવાલો પણ ધરાશાયી થઈ હોવાના સમાચાર છે.

ભૂંકપની માહિતી આપનારા નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે, ભૂકંપનો પહેલો આંચકો મંગળવારે સવારે ૧૧:૦૬ વાગ્યે આવ્યો હતો, જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૨.૭ નોંધાઈ હતી.

આ ભૂકંપનું કેન્દ્રબિંદુ હરિયાણાનું સોનીપત હતું. ત્યારબાદ બીજો ભૂકંપ બપોરે ૧:૧૮ મિનિટે આવ્યો હતો, જેની તીવ્રતા ૩.૦ મપાઈ હતી. આ ભૂકંપનું કેન્દ્ર પૂર્વોત્તર ભારતના આસામનું કાર્બી આંગલોંગ હતું. ત્રીજો આંચકો બપોરે ૨.૨૫ વાગ્યે આવ્યો હતો જેની તીવ્રતા ૪.૬ માપવામાં આવી હતી. જ્યારે ચોથો ભૂકંપ ૨.૫૧ કલાકે આવ્યો હતો જેની નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર ભૂકંપની તીવ્રતા ૬.૨ માપવામાં આવી હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ નેપાળમાં જમીનથી પાંચ કિલોમીટર ઊંડે હતું. ગઈકાલે પૂર્વોત્તર રાજ્યો આસામ અને મેઘાલય સહિત દેશના ૪ રાજ્યોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ગઈકાલે સાંજે પશ્ચિમ બંગાળ અને ત્રિપુરામાં પણ ધરતી ધ્રૂજી ગઈ હતી. મેઘાલયમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૨ નોંધાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, મેઘાલયમાં સાંજે ૬.૧૫ કલાકે ભૂકંપ આવ્યો હતો જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૫.૨ માપવામાં આવી હતી.

### મહારાષ્ટ્રના નાંદેડની સરકારી હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૨૪ મોત

# નાંદેડ ઘટના પર સ્વાસ્થ્ય મંત્રી તાનાજી સાવંતને બરતરફ કરવા વિપક્ષની માગ

## કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી, એનસીપીના શરદ પવાર અને ઉદ્ધવ શિવસેનાના સાંસદે શિંદે સરકારને ઘેરી

નાંદેડ, તા.૩

મહારાષ્ટ્રના નાંદેડમાં શંકરરાવ ચૌહાણ સરકારી હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૨૪ લોકોના મોતની ઘટના બની હતી. જેમાંથી ૧૨ નવજાત પણ સામેલ હતા.

આ ઘટનાથી સ્વાસ્થ્ય વિભાગમાં હડકંપ મચી ગયો હતો. લોકોએ હોસ્પિટલમાં હોબાળો કર્યો અને મામલાની તપાસની માંગ કરી રહ્યા હતી. જે મામલે હવે વિપક્ષએ પણ શિંદે સરકારને ઘેરી છે.

પ્રિયંકા ગાંધી, શરદ પવાર સહિતના અનેક નેતાઓએ આ મામલે સરકાર પર રોષ ઠાલવ્યો છે. વિપક્ષે સ્વાસ્થ્ય મંત્રી તાનાજી સાવંતને બરતરફ કરવાની માંગણી અંગે એકનાથ શિંદે સરકાર પર પ્રહાર કર્યા છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરતા પોસ્ટ શેર કરી હતી કે, ભગવાન દિવંગત આત્માઓને શાંતિ આપે.

શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના છે. આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને પીડિત પરિવારોને વળતર આપવામાં આવે.

શરદ પવારે પોસ્ટ શેર કરતા લખ્યું કે, નાંદેડની સરકારી હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૨૪ લોકોનાં મોત થયાં.

આ ઘટનામાં ૧૨ નવજાત બાળકોએ પણ જીવ ગુમાવ્યો હતો. આ એક ચોંકાવનારી ઘટના છે. આવી જ કમનસીબ ઘટના થાણેની કાલવા હોસ્પિટલમાં બની હતી અને તે ઘટનાને ગંભીરતાથી ન લેવાને કારણે ફરી આ પ્રકારની ઘટના નાંદેડમાં થઈ જેમાં ૨૪ લોકોના મોત થયા છે. આ સરકારની નિષ્ફળતા દેખાડે છે. શરદ પવારે સરકારે સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે, શક્ય તેટલું જલ્દીથી કડક પગલાં લેવામાં આવે.

સરકાર પર પ્રહાર કરતા શિવસેના (યુબીટી) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પોસ્ટમાં લખ્યું કે, મહેરબાની કરી આને મૃત્યુ ન કહો, રાજ્ય સરકારની બેદરકારીને કારણે થયેલી આ ગેરબંધારણીય હત્યા છે. રાજ્ય સરકાર વિવિધ કાર્યક્રમો અને વિદેશ પ્રવાસના આયોજનમાં વ્યસ્ત છે. તેઓ ભૂલી ગયા છે કે તેમનું કામ રાજ્યની સેવા કરવાનું છે.

### મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લાની સરકારી હોસ્પિટલની કમનસીબ ઘટના

# નાંદેડ હોસ્પિટલમાં વધુ સાત દર્દી સહિત કુલ મૃત્યુઆંક ૩૧ પર પહોંચ્યો

## મહારાષ્ટ્રના મંત્રી હસન મુશ્રીફ નાંદેડની સરકારી હોસ્પિટલની મુલાકાત લેશે

નાંદેડ, તા.૩

મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લાની સરકારી હોસ્પિટલમાં ગઈકાલે ૨૪ દર્દીઓના મોતથી હડકંપ મચી ગયો હતો ત્યારે હવે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ વધુ સાત દર્દીઓના મોતથી ૩૬ કલાકમાં હોસ્પિટલમાં મૃતકોની સંખ્યા ૨૪થી વધીને ૩૧ થઈગઈ છે. સુત્રોના અહેવાલ અનુસાર આજે મહારાષ્ટ્રના મંત્રી હસન મુશ્રીફ નાંદેડની સરકારી હોસ્પિટલની મુલાકાત લેશે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પર શોકવ્યક્ત કરતા પોસ્ટ શેર કરી હતી કે, ભગવાન દિવંગત આત્માઓને શાંતિ આપે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના છે. આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને પીડિત પરિવારોને વળતર આપવામાં આવે.

શરદ પવારે પોસ્ટ શેર કરતા લખ્યું કે, નાંદેડની સરકારી હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૨૪ લોકોનાં મોત થયાં હતા. આ ઘટનામાં ૧૨ નવજાત બાળકોએ પણ જીવ ગુમાવ્યો હતો. આ એક ચોંકાવનારી ઘટના છે. આવી જ કમનસીબ ઘટના થાણેની કાલવા હોસ્પિટલમાં બની હતી અને તે ઘટનાને ગંભીરતાથી ન લેવાને કારણે ફરી આ પ્રકારની ઘટના નાંદેડમાં થઈ જેમાં ૨૪ લોકોના મોત થયા છે. આ સરકારની નિષ્ફળતા દેખાડે છે. શરદ પવારે સરકારે સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે, શક્ય તેટલું જલ્દીથી કડક પગલાં લેવામાં આવે.

### વધુ એક પેપરલીકની ઘટના વલસાડમાં સામે આવી

# શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં પેપર લીક મામલે વિદ્યાર્થીઓમાં રોષ

## ૨૯ સપ્ટેમ્બરના રોજ શાહ એન.એચ. કોમર્સ કોલેજનું બીકોમ સેમ-૫નું એડવાન્સ એકાઉન્ટનું પેપર લીક થયું હતુ

વલસાડ, તા.૩

રાજ્યમાં અગાઉ અનેક પેપર લીક થયા બાદ હવે વધુ એક પેપરલીકની ઘટના વલસાડમાં સામે આવી છે. ૨૯ સપ્ટેમ્બરના રોજ શાહ એન.એચ. કોમર્સ કોલેજનું બીકોમ સેમ-૫નું એડવાન્સ એકાઉન્ટનું પેપર લીક થયું હતું. તે દિવસે પેપર મોકૂફ રખાયું હતું અને ૩ ઓક્ટોબર એટલે કે આજે પેપર લેવાનો નિર્ણય લેવાયો હતો, પરંતુ આજે વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો.રાજ્યમાં અગાઉ અનેક પેપર લીક થયા બાદ હવે વધુ એક પેપરલીકની ઘટના વલસાડમાં સામે આવી છે. ૨૯ સપ્ટેમ્બરના રોજ શાહ એન.એચ. કોમર્સ કોલેજનું બીકોમ સેમ-૫નું એડવાન્સ એકાઉન્ટનું પેપર લીક થયું હતું. તે દિવસે પેપર મોકૂફ રખાયું હતું અને ૩ ઓક્ટોબર એટલે કે આજે પેપર લેવાનો નિર્ણય લેવાયો હતો, પરંતુ આજે વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો.વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કરીને કૉલેજમાં હોબાળો મચાવ્યો અને તાત્કાલિક પગલાં લેવાની માગ કરી. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે કૉલેજના હેમરાજ ચૌહાણ નામના પ્રોફેસરે જ આ પેપર લીક કર્યું છે, કારણ કે તેમના વિષયનું જ પેપર લીક થયું છે. તેઓ પર્સનલ ટ્યુશન પણ લેતા હોવાનો વિદ્યાર્થીઓનો આક્ષેપ છે. વિદ્યાર્થીઓ પ્રમાણે સૌથી પહેલા આ પેપર પ્રોફેસર દ્વારા લીક કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓના ગ્રુપમાં ફરતું થયું હતું.

તો આ તરફ કૉલેજના પ્રિન્સીપાલનો દાવો છે કે આ પેપર વિદ્યાર્થીઓના ગ્રુપમાં ફરતું થયું હતું. જેથી કોઈ વિદ્યાર્થીનું જ આ કામ છે. સમગ્ર મામલે તપાસના આદેશ આપી દેવાયેલા છે. તપાસ બાદ જે વિદ્યાર્થીનું નામ સામે આવશે તેની સામે કાર્યવાહીનો નિર્ણય લેવામાં આવશે.

### સોના અને ચાંદીના ભાવમાં સતત ઘટાડો જારી

# સોના-ચાંદીના ભાવ સાત મહિનાની તળિયે પહોંચી ગયા

## એમસીએક્સપર ડિસેમ્બર ૨૦૨૩ એક્સપાયરી માટે ગોલ્ડ ફ્યુચર કોન્ટ્રાક્ટ ૧૦ ગ્રામ દીઠ ૫૭,૪૨૬ પર ખુલ્યો

નવી દિલ્હી, તા.૩

સોના અને ચાંદીના ભાવમાં સતત ઘટાડો જારી છે. આજે આ બંને કિંમતી ધાતુઓના ભાવ ઘટીને સાત મહિનાના તળિયે પહોંચી ગયા હતા. સ્થાનિક બજાર તથા ઈન્ટરનેશનલ બજારમાં બંને મેટલના ભાવ નરમ પડ્યા છે.

એમસીએક્સપર ડિસેમ્બર ૨૦૨૩ એક્સપાયરી માટે ગોલ્ડ ફ્યુચર કોન્ટ્રાક્ટ ૧૦ ગ્રામ દીઠ ૫૭,૪૨૬ પર ખુલ્યો હતો અને ઈન્ટ્રા-ડે નીચી સપાટી રૂ. ૫૬,૫૬૫ પર પહોંચ્યો હતો.

આજે એમસીએક્સ પર ગોલ્ડનો ભાવ ૫૬,૭૩૪ પ્રતિ ૧૦ ગ્રામ ચાલે છે જે શુક્રવારના બંધ ભાવ રૂ. ૫૭,૬૦૦ના લેવલ કરતા લગભગ ૧.૫૦ ટકા નીચે છે.

ઈન્ટરનેશનલ માર્કેટમાં ગોલ્ડનો ભાવ લગભગ ૧૮૧૫ ડોલર પ્રતિ ઔંસના સ્તર પર છે. એટલે કે સોમવારના બંધ ભાવની તુલનામાં ૦.૩૫ ટકાનો ઘટાડો થયો છે.તેવી જ રીતે ચાંદીનો ભાવ ૬૯,૨૫૫ રૂપિયા પ્રતિ કિલોના સ્તરે ખુલ્યો હતો અને ઈન્ટ્રા ડે ૬૫,૬૬૬ પ્રતિ કિલોની નીચી સપાટી બનાવી હતી. એમસીએક્સ પર સિલ્વરનો ભાવ હાલમાં ૬૭,૨૧૦ની આસપાસ ચાલે છે જે શુક્રવારના બંધ ભાવ ૬૯,૮૫૭ કરતા આશરે ૩.૭૯ ટકા નીચે છે.

એચડીએફસી સિક્યોરિટીઝના એક અહેવાલ પ્રમાણે અમેરિકન સરકાર પહેલી ઓક્ટોબરે શટડાઉન ટાળવામાં સફળ રહી છે જેથી અમેરિકન ડોલરમાં ફરી મજબૂતી જોવા મળી છે. યુએસ ડોલર ઈન્ડેક્સ હવે ૧૧ મહિનાની હાઈ સપાટીએ પહોંચ્યો છે જ્યારે ઈન્ટરનેશનલ તથા ડોમેસ્ટિક બજારમાં સોના અને ચાંદીનો ભાવ સાત મહિનાના તળિયે આવી ગયો છે.

વધતી જતી બોન્ડ યીલ્ડ અને મજબૂત ડોલર ઈન્ડેક્સના કારણે કિંમતી ધાતુઓ માટે સેન્ટીમેન્ટને અસર થઈ છે. નજીકના ગાળામાં ગોલ્ડ અને સિલ્વર માટેનો ટ્રેન્ડ ફેવરેબલ નથી લાગતો. આગામી દિવસોમાં તહેવારોની સિઝન ચાલે છે ત્યારે સોનું અને ચાંદી ખરીદવા માટે આ એક સારી તક છે.

આજે ઈન્ટરનેશનલ બજારમાં સોનું ૧૮૧૫ ડોલર પ્રતિ ઔંસના સ્તર પર છે અને ૧૮૦૦ ડોલરના સ્તરે તેને તાત્કાલિક સપોર્ટ છે. જોક, ગોલ્ડના ભાવ માટે મહત્ત્વનો ટેકો ૧૭૭૦ ડોલર પ્રતિ ઔંસના સ્તરે છે. એમસીએક્સ પર ગોલ્ડના ભાવને ૫૬,૦૦૦ રૂપિયાના લેવલ પર તાત્કાલિક સપોર્ટ છે જ્યારે ૫૫,૩૦૦ના લેવલ પર મહત્ત્વનો ટેકો છે.

ચાંદીના ભાવની વાત કરવામાં આવે તો આજે સફેદ ધાતુનો ભાવ ૨૦ ડોલરથી ૨૧.૫૦ ડોલર પ્રતિ ઔંસની રેન્જમાં હતો જ્યારે એમસીએક્સ પર ચાંદીને અનુક્રમે ૬૫,૫૦૦ અને ૬૩,૦૦૦ના લેવલ પર સપોર્ટ છે.

આગામી દિવસોમાં તહેવારોની સિઝન આવશે ત્યારે ભારતમાં સોનાની માંગમાં ભારે વધારો થવાની શક્યતા છે. તેનાથી સ્થાનિક બજારમાં ગોલ્ડના ભાવને ટેકનો મળી રહેશે. ભારતીયો દર વર્ષે લગભગ ૮૦૦ ટન સોનાની આયાત કરે છે જે મોટા ભાગે જ્વેલરી માટે વપરાય છે.

### આતંકવાદી શાહનવાઝે અનેક ખુલાસા કર્યા

# આઈએસઆઈએસની આડમાં ભારતમાં મંદિરોને ટાર્ગેટ કરવાનું આઈએસઆઈનું કાવતરૂં

## ટાર્ગેટ પર અયોધ્યાનું રામ મંદિર, મુંબઈનું છાબડા હાઉસ અને દેશના અનેક મોટા નેતાઓ હોવાનો ખુલાસો

નવી દિલ્હી, તા.૩

પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ નથી આવી રહ્યું તે ભારત વિરુદ્ધ સતત ષડયંત્ર રચી રહ્યું છે. તાજેતરના મામલે ફરી એક વખત પાકિસ્તાનના નાપાક ઈરાદા સામે આવ્યા છે. ગઈ કાલે દિલ્હી પોલીસે આઈએસઆઈએસમોડ્યુલના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી સહિત ૩ લોકોની ધરપકડ કરી હતી. તેમાંથી આતંકવાદી શાહનવાઝે અનેક ખુલાસા કર્યા છે.

દિલ્હી પોલીસની સ્પેશિયલ શેલના સૂત્રોએ જણાવ્યું કે, ગુજરાતના અક્ષરધામ મંદિર પર થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ ફરતુલ્લા ગૌરીના સંપર્કમાં આ ત્રણેય આતંકવાદીઓના હોવાથી એવાત સ્પષ્ટ થઈ ગઈ છે કે, આ પુરું ષડયંત્ર પાકિસ્તાન અને આઈએસઆઈજ રચી રહ્યું હતું. પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓ ઓનલાઈન અને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા યુવાનોને રેડિકલાઈઝ કરે છે અને પછી તેમને આતંકવાદી હુમલા માટે તૈયાર કરે છે.આઈએસઆઈના ષડયંત્ર હેઠળ આ યુવાનોને આઈએસઆઈએસના આમિરની શપથ લેવડાવવામાં આવે છે જેથી આતંકવાદી હુમલા બાદ જો ભારતીય એજન્સી તેમની ધરપકડ કરે તો પણ પાકિસ્તાન અને આઈએસઆઈના નામ સામે ન આવે. દિલ્હી પોલીસે સૌથી પહેલા આઈએસઆઈએસના મોસ્ટ વોન્ટેડ આતંકીઓમાંના એક શાહનવાઝની ધરપકડ કરી હતી જે ફરાર હતો ત્યારબાદ અન્ય બે આતંકીઓની પણ ધરપકડ કરી લીધી હતી. શાહનવાઝ પુણે પોલીસની કસ્ટડીમાંથી ભાગી ગયો હતો અને દિલ્હીમાં રહેતો હતો.

તેના પર ૩ લાખ રૂપિયાનું ઈનામ હતું. શાહનવાઝ પર આઈએસઆઈએસમોડ્યુલ સાથે સંબંધ રાખવાનો આરોપ છે. પૂછપરછ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે તે ગુજરાતના અક્ષરધામ મંદિર પરના આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ ફરતુલ્લા ગૌરી અને તેના જમાઈ શાહિદ ફૈઝલના સંપર્કમાં હતો જે હવે પાકિસ્તાનમાં આઈએસઆઈના આશ્રયમાં રહે છે. આ ત્રણેય તેના આદેશ પર જ દિલ્હીમાં પણ મોટી આતંકી ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા.આતંકવાદીઓએ ખુલાસો કરતા જણાવ્યું કે, દેશના અનેક પ્રખ્યાત સ્થળો તેમના ટાર્ગેટ પર હતા. આ દરમિયાન તેમનો ટાર્ગેટ પર અયોધ્યાનું રામ મંદિર, મુંબઈનું છાબડા હાઉસ અને દેશના અનેક મોટા નેતાઓ હતા. આ આતંકવાદીઓ પોતાનો પ્લાન પૂરો કરે એ પહેલા જ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે આતંકવાદીઓની ધરપકડ કરી લીધી છે.

### બે વર્ષથી મશીનરી ધૂળ ખાઈ રહી હોવાનો કોંગ્રેસનો આરોપ

# વધતા જતા હાર્ટ એટેકના કિસ્સા વચ્ચે સિવિલની કેથ લેબને તાળા લાગ્યા

## ૨ સપ્ટેમ્બરના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી કેથ લેબનું લોકાર્પણ કર્યું હતુ

રાજકોટ, તા.૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં યુવાનોમાં હાર્ટ એટેકના કિસ્સાઓમાં વધારો થયો છે અને તેવા સમયે જ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી કેથલેબ બંધ હાલતમાં છે. સિવિલ હોસ્પિટલે દાવો કર્યો છે કે કેથલેબમાં ટેક્નિકલ ખામી સર્જાય છે, જો કે કોંગ્રેસે તંત્રની બેદરકારીની પોલ ખોલતા આક્ષેપ લગાવ્યો છે કે કેથલેબની મશીનરી વર્ષો સુધી ધૂળ ખાતી પડી રહી છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં યુવાનોમાં હદયરોગના કિસ્સાઓમાં વધારો થયો છે. છેલ્લા ૪૮ કલાકમાં જ હદય રોગને કારણે ૬ જેટલા યુવાનોમાં મોત થયા છે અને તેવા સમયે જ સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી એવી રાજકોટ સિવિલ હોસ્પિટલની કેથલેબને તાળા લાગી ગયા છે.

ગત ૨ સપ્ટેમ્બરના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી કેથ લેબનું લોકાર્પણ કર્યું હતું આ લેબ સૌરાષ્ટ્રના દર્દીઓ માટે આર્શીવાદરૂપ ગણાવી હતી, પરંતુ ૧૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી આ લેબ ૧૦ દિવસ જ ચાલી અને છેલ્લા ૧૦ દિવસથી બંધ હાલતમાં પડી છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ આર.એસ.ત્રિવેદીએ દાવો કર્યો છે કે કેથ લેબમાં સોફ્ટવેર અને હાર્ડવેર પ્રોબ્લેમ જોવા મળ્યો છે.

આ માટે સબંધિત એજન્સીઓને જાણ કરવામાં આવી છે. રિપેરીંગ કામ થયા બાદ ૪૮ કલાક સુધી ઓબ્ઝર્વેશન કરવામાં આવશે અને ત્યારબાદ આ કેથલેબ ફરી કાર્યરત કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ગુરૂવાર સુધીમાં આ કેથલેબ ફરી કાર્યરત થઈ જશે.

જો કે આ મુદ્દે કોંગ્રેસે સિવિલ હોસ્પિટલના તંત્ર સામે ગંભીર પ્રકારનો આક્ષેપ લગાવ્યો છે. કોંગ્રેસના નેતા અને તબીબ ડૉ.હેમાંગ વસાવડાએ આક્ષેપ લગાવતા કહ્યું હતું કે ૧૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી કેથ લેબમાં ગણતરીના દિવસોમાં સમસ્યા ઉભી થવા પાછળ તંત્રની બેદરકારી જવાબદાર છે. તંત્ર દ્વારા બે વર્ષ પહેલા આ મશીનરીની ખરીદી કરવામાં આવી હતી અને બે વર્ષ સુધી મશીનરી ધુળ ખાતી પડી રહી છે જેના કારણે તેનો ગેરંટી અને વોરંટી પિરીયડ પુરો થઈ ગયો છે. તંત્રના વાંકે પ્રજાના રૂપિયાનું પાણી થઈ રહ્યું હોવાનો આક્ષેપ લગાવ્યો હતોરાજકોટ સિવિલ હોસ્પિટલમાં કેથલેબ શરૂ થઈ ત્યારથી જ દર્દીઓનો ધસારો જોવા મળ્યો છે. શરૂ થતાની સાથે જ ૧૫ જેટલા દર્દીઓની એન્જીયોગ્રાફી કરાવવામાં આવી હતી પરંતુ છેલ્લા ૧૦ દિવસથી આ કેથલેબ બંધ હાલતમાં છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હદય રોગના દર્દીઓની સંખ્યા વધી રહી છે ત્યારે આ કેથલેબ ગરીબ દર્દીઓ માટે આર્શીવાદરૂપ છે, પરંતુ તંત્રના વાંકે આ લેબ બંધ હોવાથી ન છુટકે ગરીબ દર્દીઓને અમદાવાદ સુધી ધક્કા ખાવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

# વાંકીયા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હ્દયરોગ નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા.૩

આયુષમાન ભવ કાર્યક્રમ અંતર્ગત સરકારની સુચના અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધ્યકારી આર.એમ.જોષી તાલુકા હેલ્થ ઓફીસર ડો.રાજીવકુમાર સિન્હા, મેડીકલ ઓફીસર ડો.કુણાલ રામાણી, ડો.કીરણબેન શેલડીયાનાં માર્ગદર્શન હેઠળ રાધિકા હોસ્પીટલના સહયોગથી હ્દયરોગ નિદાન કેમ્પ ડાયબીટીસ, બી.પી.તપાસ કેમ્પ યોજાયો હતો. જેમાં દર્દીઓની તપાસ ડો.જાગૃતીબેન ચાંડપા (એમ.ડી.ફીઝીશયન) દ્વારા કરવામાં આવેલ હતી. કુલ ૩૮ દર્દીઓની તપાસ કરવામાં આવેલ હતી. અને ૪૪ દર્દીઓએ ડાયાબીટીસ, બી.પી.ની તપાસ કરાવેલ હતી. કુલ ૮૨ દર્દીની તપાસ થયેલ હતી. જરૂરીયાતવાળા દર્દીઓને વધુ સારવાર માટે મોકલમાં આવેલ હતા. આ કેમ્પમાં ખાસ ભારત સરકારનાં કેબીનેટ મંત્રી પુરૂષોતમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેન દીલીપભાઈ સંઘાણી, સાસંદ નારણભાઈ કાછડીયા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ધારાસભ્ય કંચનબેન રાદડીય, જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા આરોગ્ય સમિતિ ચેરમેન વગેરે સહકારી આગેવાનો, પદાધીકારીઓ પધારેલ હતા. વાંકીયા ગામનાં સરપંચ, તાલુકા પંચાયત સભ્ય, પુર્વ સરંપચો, પુર્વ તાલુકા પંચાયત સભ્યઓ, વગેરે ગામનાં આગેવાનો ઉપસ્થિત રહી ખુબ જ સાથ સહકાર આપેલ હતો. આ સંપુર્ણ કેમ્પને સફળ બનાવવા સ્થાનિક આરોગ્ય કર્મચારી આકાશ ડી.અગ્રાવત, આશાબેન કાજલબેન સીધ્ધપુરા, નિતાબેન ભટ્ટી, મનીષાબેન પરમાર, જયશ્રી બેન પરમાર, પી.જે.બોરીચા દ્વારા સખત જહેમત ઉઠાવેલ હતી. તથા આ કેમ્પમાં સુપ.જી.ડી.ભગત, હીરેનભાઈ રોકડ, સોલનબેન માંગરોળીયા, સાવનભાઈ કિકાણી, યોગેશભાઈ મકવાણા, સુધીરભાઈ ડાભી, રીદધીબેન ચાવડા, બકુલભાઈ ભટ્ટી, વગેરે સ્ટાફગણનો પણ ખુબ સહકાર મળેલ હતો. અંતે આ કેમ્પ ખુબજ સફળ રહેલ હતો.

## ૪ ઓકટોબર : વિશ્વ પશુ દિવસ

# વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ

દર વર્ષે ૪ ઓકટોબરનાં દિવસે "વિશ્વ પશુ દિવસ" મનાવવામાં આવે છે. આ દિવસે પશુઓનાં અધિકારો અને તેના કલ્યાણ સંબંધિત જુદા–જુદા કારણોની સમીક્ષા કરવામાં આવે છે. પ્રાણીઓનાં મહાન આશ્રયદાતા આસીસી(ઇટલી)નાં સંત ફ્રાન્સિસનો જન્મદિવસ પણ ૪ ઓકટોબરે મનાવવામાં આવે છે. તેઓ પ્રાણીઓનાં મહાન સંરક્ષક હતા. આંતરરાષ્ટ્રીય પશુ કલ્યાણ દિવસનો મુખ્ય હેતુ જનતાને ચર્ચામાં સામેલ કરવી અને પશુઓ પ્રત્યે ક્રૂરતા, પશુ અધિકારોનું ઉલ્લંઘન વગેરે જેવા વિવિધ મુદ્દાઓ પર જાગરૂકતા ફેલાવવાનો છે. પ્રથમવાર વિશ્વ પશુ દિવસનું આયોજન હેનરિક જિમરમને ૨૪ માર્ચ, ૧૯૨૫ના રોજ જર્મનીનાં બર્લિનમાં આવેલા સ્પોટર્સ પેલેસમાં કર્યુ હતું, પરંતુ વર્ષ ૧૯૨૯થી આ દિવસ ૪ ઓકટોબરનાં રોજ મનાવવામાં આવ્યો. શરૂઆતમાં આ આંદોલનને જર્મનીમાં શરૂ કરવામાં આવ્યું અને ધીમે–ધીમે તે સમગ્ર વિશ્વમાં ફેલાવવા લાગ્યું. વર્ષ ૧૯૩૧માં ફલોરેન્સ, ઈટલીમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પશુ સંરક્ષણ સંમેલને આંતરરાષ્ટ્રીય પશુ દિવસ તરીકે ૪ ઓકટોબરનો દિવસ નક્કી કરવા માટે એક પ્રસ્તાવ પસાર કર્યો અને મંજૂર કર્યો. યૂનાઈટેડ નેશન્સે "પશુ કલ્યાણ પર એક સાર્વભૌમ ઘોષણા"ના નિયમ તેમજ નિર્દેશો હેઠળ અનેક અભિયાન ચલાવવાની શરૂઆત કરી.

નૈતિકતાની દ્રષ્ટિથી સંયુકત રાષ્ટ્રે સાર્વજનિક રીતે કરેલી ઘોષણામાં પશુઓના દર્દ અને પીડાના સંદર્ભમાં તેમને સંવેદનશીલ પ્રાણી તરીકે ઓળખ




અપાવવાની વાત કરી.

આજે માનવીએ ગધેડા જેવા ભોળા પ્રાણીથી માંડી હાથી જેવા કદાવર પ્રાણીને પકડીને ગુલામ બનાવી દીધાં છે. મોટાભાગના પ્રાણીઓ ગતિશીલ હોય છે. તેઓ સ્વેચ્છાએ, સ્વતંત્ર રીતે હરી ફરી શકે તેવું વાતાવરણ આપણે તેમને આપવું જ જોઈએ, તે આપણાં પર્યાવરણ સંવર્ધક છે. ઘણા બધા પ્રાણીઓ પાસેથી આપણને વિવિધગુણો શિખવા મળે છે. જેમકે કૂતરો પ્રેમ અને વફાદારી શીખવે છે, નાનકડી કીડી પાસેથી એકતા, પક્ષીઓ પાસેથી સતર્કતા શીખવા મળે છે.

બધા જ પ્રાણીઓ આપણી પૃથ્વીના જ છે તેમનું જતન કરવું આપણી પ્રથમ ફરજ છે. આ વિશ્વ પ્રાણી દિવસે તમામ પ્રાણીઓને શ્રેષ્ઠ પર્યાવરણ સાથે રક્ષિત વાતાવરણ પુરૂ પાડીએ, આમ કરવાથી આપણું પર્યાવરણ જ આપણે શ્રેષ્ઠ બનાવીશું. પશુ–પંખી અને પ્રાણીઓનાં કલ્યાણ માટે કેટલાંક ઉપાયો કરી શકાય :જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ. શાકાહાર અપનાવવું જોઈએ.પશુ–પંખીઓને મુક્ત રીતે હરવા ફરવા દેવા જોઈએ.

પશુ–પંખીઓને પુરતો આહાર, જળ, સારવાર, નિવાસ ઈત્યાદી પૂરો પાડવો જોઈએ.

**– મિત્તલ ખેતાણી**

**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## પીઠવડીનાં સુહાગીયા પરિવાર દ્વારા ઉમદા કાર્ય

# સાવરકુંડલાનાં માનવ મંદિરમાં સેવાકાર્યથી પ્રભાવિત થઈને દાતાએ મદદ કરી

## મનોરોગી બહેનોની સેવાથી પ્રભાવિત



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલા માનવ મંદિર ખાતે ગતરોજ ગાંધી જયંતિના પાવન દિવસે પીઠવડીના કનુભાઈ ભગવાનભાઈ સુહાગીયા દ્વારા રૂપિયા દોઢ લાખ જેવી કરીયાણાની ચીજવસ્તુઓ ભેટ તરીકે અર્પણ કરવામાં આવેલ. આ સંદર્ભે પૂજય ભકિતરામ બાપુએ આશીર્વાદ સાથે ધન્યવાદ આપેલ.

આમ ખરાં અર્થમાં ગાંધીજીના પ્રિય ગીત વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે.. પર દુખે ઉપકાર કરે તો ય મન અભિમાન ન આણે રે..એ વાત પીઠવડીના કનુભાઈએ ચરિતાર્થ કરી. પોતાના માટે તો સૌ કોઈ જીવે પરંતુ જરૂરિયાતમંદ લોકોની પીડાને પોતાની પીડા સમજી આવી સંસ્થામાં ભેટ–દાન આપવું એ ખરેખર બિરદાવવા લાયક કાર્ય ગણાય. હિન્દી ફિલ્મની એક સુંદર પંકિત અહીં પ્રસ્તુત છે. કિસી કે વાસ્તે હો તેરે દિલમેં પ્યાર, કિસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર જીના ઉસીકા નામ હૈં.

આવા મોટા મનનાં મહાનુભાવો થકી જ આપણી સેવા સંસ્થાઓ ટકી શકે છે. જો કે માનવ મંદિરના ભકિતરામ બાપુ કદી કોઈ પાસે હાથ લાંબો કરતાં નથી પરંતુ તેમની સેવાકીય પ્રવૃત્તિઓ જોઈને સેવાભાવી લોકોનું મન અહી દાન આપવા સ્યંમ પ્રેરાતું જોવા મળે છે. આ મનોરોગી બહેનોનો આશ્રમ પ.પૂ. ભકિતરામના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ ચાલે છે.

અહી કોઈ નાત–જાતના ભેદભાવ વગર કે કોઈ પણ ભેદભાવ વગર નિઃશુલ્ક અને નિઃસ્વાર્થ ધોરણે અહીં આશ્રય લેતી તમામ મનોરોગી બહેનોને પૂ. ભકિતરામ બાપુ એક પિતાતુલ્ય માફક માવજત કરતાં જોવા મળે છે.

ધન્ય છે આ ભકિતરામબાપુની સેવાને અને ધન્ય છે આવા મોટા મનના દાતાઓને. ઈશ્વર આપને સતત આવી સેવાકીય પ્રવૃત્તિઓ કરવાની શકિત આપે એ જ પ્રાર્થના. શકય હોય તો આપને ત્યાં આવતાં શુભ પ્રસંગ નિમિત્તે આવી સંસ્થાઓની મુલાકાત લઈ સેવાના પ્રત્યક્ષ પ્રમાણ નિહાળી મનભરીને દાન કરવું જોઈએ. ભલે કોઈ હાથ લાંબો ન કરે પરંતુ આવી સેવાકીય સંસ્થાઓને પણ આર્થિક મદદની આવશ્યકતા તો હોય જ છે.

# અમરેલીની શ્રીમતી એસ.એચ.ગજેરા DLSS સ્કુલનાં વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યો



અમરેલી, તા.૩

ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલનાં વેસ્ટ ઝોન જુનિયર એથલેટીકસ રાજયકક્ષાની સ્પર્ધા–૨૯ અને ૩૦ ઓકટોમ્બરના રોજ યોજાયેલ હતી. જેમાં ૧) લકુમ હારવિન (૨) વાળા રોશનબા (૩) ગામી વનીતા (૪) ભુરીયા આકાશ (૫) નકુમ ગાર્મી (૬) મકવાણા જાગૃતિ (૭) સોલંકી પાયલ (૮) સાઢીયા યશ (૯) વાઘેલા દર્શન (૧૦) સાવલીયા ઓમ (૧૧) દિહોરા આશીષ (૧૨) ચાવડા આયુષી (૧૩) સિસોદીયા અમીષા એ મેડલ પ્રાપ્ત કરેલ છે. તે બદલ ખેલાડીઓ, કોચ અને ટ્રેનરને સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી તથા મંત્રી ચતુરભાઈ ખુંટ અને ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અમરેલી : 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત કોમર્સ કોલેજમાં કાર્યક્રમો યોજાયા



સાવરકુંડલા. તા. ૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ – અમરેલીમાં ચાલતા એન.એસ.એસ. યુનિટો દ્વારા પૂજય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના પૂર્વ દિવસે 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત એક કલાક શ્રમ દાન કરી એન.એસ.એસ.ના સ્વયં સેવક ભાઈ – બહેનોએ કોલેજ કેમ્પસની સફાઈ કરી કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત કર્યુ હતું. આ ઉપરાંત સ્વચ્છતા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા. સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી રેલીનું પણ આયોજન કર્યુ હતું. આ તકે સ્વયં સેવક ભાઈ – બહેનોને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. એમ.એમ. પટેલ અને વાઈસ પ્રિન્સિપાલ ડો.એ.કે.વાળાએ શુભ કામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે.એમ. તળાવિયા, ડો.એ. બી. ગોરવાડીયા અને એન સી.સી. ઓફિસર પ્રા.વી.જી. વસાવાએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા કાળભાઈ ખેદરા, શારદાબેન ખેદરા અને પ્રીતમદાસ આચાર્યએ જહેમત ઉઠાવી હતી તેમ આઈ.કયુ.એ.સી. કોઓર્ડિનેટર પ્રા. ભારતીબેન ફીણવિયાએ જણાવ્યું હતું.

# રાજુલા પંથકમાં આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામસભાઓમાં આયુષ્યમાન કાર્ડનું વિતરણ



રાજુલા, તા. ૩

રાજુલા તાલુકામાં આયોજીત ગ્રામસભાઓમાં આરોગ્ય સ્ટાફ દ્વારા આયુષ્માન કાર્ડનુ વિતરણ કરી ફાયદાઓ જણાવ્યા હતા.

સબ કી યોજના સબકા વિકાસ કાર્યક્રમ અંતર્ગત બીજી ઓકટોબરના રોજ રાજુલા તાલુકાના ગામડાઓમા ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજુલા તાલુકાના આરોગ્ય સ્ટાફ દ્વારા લોકોના આરોગ્યને ફાયદાકારક એવું આયુષ્માન કાર્ડનું વિતરણ કરી તેના વિશે જરૂરી જાણકારી આપવામાં આવેલ.

આયોજીત ગ્રામસભામાં આરોગ્ય સ્ટાફ દ્વારા આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ, ટીબી મુકત પંચાયત અને બિનચેપી રોગોનુ સ્ક્રીનીંગ સહિતની આરોગ્યની યોજનાઓ વિશેલોકોને માહિતી આપવામાં આવેલ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા દ્વારા રાજપરડા, ઉટિયા અને બર્બટાણા ગામે હાજર રહી લોકોને આયુષ્માન કાર્ડનું વિતરણ કરી તેના ફાયદાઓ જણાવેલ. આયુષ્માન કાર્ડ દ્વારા કુટુંબદિઠ દસ લાખ સુધીની સારવાર આ યોજના હેઠળ જોડાયેલ હોસ્પિટલમાં મળી રહેલ હોવાનું અને ૨૬૮૧ પ્રકારની નિયત કરેલ પ્રોસિઝરોનો આ કાર્ડમા સમાવેશ થતા સારવારમાં સરળતા મળશે તેમજ ગ્રામસભામાં ડો. કિંજલ કાતરીયા, ડો. નિકુંજ વ્યાસ, વિપુલભાઈ કલસરીયા, ભનુભાઈ લાડુમોર, પી.ડી.ચૌહાણ અને દિનેશભાઈ મહિડા સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા હાજર રહી આરોગ્ય યોજનાની જાણકારી આપેલ જે યાદીમાં જણાવેલ છે.

# અમરેલી વેપારી મહામંડળ દ્વારા 'એકત્રમ' કાર્યક્રમ યોજાયો

















અમરેલી વેપારી મહામંડળ દ્વારા શહેરનાં તમામ એસો.નાં વેપારીઓનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાયબ દંડક કૌશિક વેકરિયા, સારહિ યુથ કલબનાં મુકેશ સંઘાણી, પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, યાર્ડનાં પુર્વ ચેરમેન પી.પી.સોજીત્રા, અમરડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, યાર્ડનાં ચેરમેન શૈલેષ સંઘાણી, તેમજ ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી, જીતુભાઈ ગોળવાળા, વિજયભાઈ ફિણાવા, ભગિરથ ત્રિવેદી, રસિકભાઈ પાથર, રજનીભાઈ પાટડીયા, જીતુભાઈ બોરસાણીયા, વેપારી મંડળનાં પુર્વ પ્રમુખ સંજયભાઈ વણજારા, પ્રમુખ બિરજીભાઈ અટારા, સહિતનાં વેપારીઓ ઉપસ્થિત રહયા હતા.

# અમરેલીમાં ગાંધી જયંતિએ ૨૪×૭ ગૃપ સાથે કેન્દ્રીય મંત્રી દર્દીના હમદર્દ બન્યા



તા. ૨ જી ઓકટોબરના ગાંધીજયંતિ નિમિતે કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ, અમરેલીના ૨૪×૭ ગ્રુપના સભ્યો સાથે અમરેલીના સીવીલ હોસ્પીટલના દર્દીઓને મળી તેના ખબર અંતર પુછયા હતા. છેલ્લા કેટલાંક સમયથી ડો.ભરતભાઈ કાનાબારે તેમના મિત્રો અને સહકાર્યકરો સાથે મળી ''દર્દીના હમદર્દ'' નામે એક નવતર અભિયાન શરૂ કર્યુ છે. જેમાં ગ્રુપના મેમ્બરો દર અઠવાડીયે એક વાર સીવીલ હોસ્પીટલના દર્દીઓની મુલાકાત લે છે. શુભેચ્છાના પ્રતિકરૂપે દર્દીઓમાં ફ્રુટસ, બિસ્કીટ જેવી વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. ગ્રુપના મેમ્બરો દર્દીને મળી, જાણે તેમનાં અંગત સગા સબંધી હોય તેમ લાગણીથી તેમના ખબર અંતર પુછે છે અને તેમને કોઈપણ મુશ્કેલી હોય તો ગમે ત્યારે તેમનો સંપર્ક કરવાનું કરે છે. સંપર્ક જાળવી રાખવા મુલાકાત લેનાર સભ્યો પોતાના મોબાઈલ નંબર દર્દીના સગાંને આપે છે અને તેમના મોબાઈલ નંબરો પોતે નોંધી લે છે. બીજી મુલાકાત સપ્તાહ પછી લેવાય એ વચ્ચે સમયાંતરે દર્દીને કે તેમનાં સગાંને ફોન કરી તેમના ખબર અંતર પુછતાં રહે છે. આમ, મુલાકાત લેનાર ગ્રુપના મેમ્બરો અને દર્દીઓ વચ્ચે એક ભાવાત્મક સંબંધ પ્રસ્થાપિત થાય છે. દર્દીઓને હુંફ અને આશ્વાસન તો મળે જ છે પણ સાથે સાથે અમરેલીમાં તેમનાં કોઈ નજીકના સગાંઓ છે, જે તેમને ગમે તેવી મુશ્કેલીમાં મદદરૂપ થવા તત્પર છે તેવો અહેસાસ થાય છે. માત્ર ફ્રુટ, બિસ્કીટ કે અન્ય કોઈ વસ્તુ આપીને છુટી જવાના બદલે, આ પ્રકારનો દર્દી સાથે સતત સંબંધ જાળવી રાખવાની પ્રક્રિયાને કારણે દર્દી અને સભ્યો વચ્ચે લાગણીના એક અદ્રસ્ય સેતુનું નિર્માણ થાય છે જે દર્દીને તેની માંદગી સામે લડવાનું નવું બળ આપે છે. ૨૪×૭ ના આ અભિયાન વિશેની જાણકારી મળતાં રૂપાલાજીએ પોતે અમરેલીમાં હોય ત્યારે આ અભિયાનમાં સામેલ થવાની ઈચ્છા વ્યકત કરેલ જેના અનુસંધાને આજે ૨ જી ઓકટોબરે રૂપાલાજી ગ્રુપના સભ્યો સાથે વિવિધ વોર્ડમાં ફર્યા હતા અને દર્દીઓને મળ્યા હતા. રૂપાલાજીએ આ પ્રયાસથી પ્રભાવિત થઈ કહયું કે, ''તમારૂ આ અભિયાન તમને વ્યકિતગત જે પ્રતિષ્ઠા આપે તે, પણ સમગ્ર રાજયમાં આ અભિયાનથી અમરેલીની પ્રતિષ્ઠા ચોકકસપણે વધશે.'' આજની રૂપાલા સાહેબની મુલાકાતમાં, ડો.ભરત કાનાબારની સાથે ડો. એસ.આર. દવે, ચેતનભાઈ રાવળ, મધુભાઈ આજુગીયા, નયનભાઈ જોષી (બેદી), કિરણભાઈ નાંઢા, મિશ્રાજી (માસ્તર), ડી.જી. મહેતા (પેઈન્ટર), ટોમભાઈ અગ્રાવત, સરલાબેન દવે, સિકંદરખાન પઠાણ, ડો. ભરત કલકાણી, મન્સુરભાઈ ગઢીયા, બીપીનભાઈ ગાંધી, કમલેશભાઈ ગરાણીયા, હરેશભાઈ સાદરાણી, અનિલભાઈ ઠાકર, નીલેષ જોષી (લાલો), ભીખુભાઈ જોષી, આશાબેન દવે, ખુશ્બુ કાનાબાર, રીંકલ સોળીયા, ડો. ભાનુભાઈ કીકાણી, જોગી પેઈન્ટર, ધર્મેન્દ્ર લલાડીયા, મયુરભાઈ ગજેરા, આકાશભાઈ અગ્રાવત, ભારતીબેન પંડયા, દિવ્યા ચાવડા, યોગેશભાઈ કોટેચા, વિપુલભાઈ બોસમીયા, ખીમચંદ, કૃતિ સોંદરવા, ભગીરથભાઈ સોઢા વિગેરે જોડાયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં વાઈબ્રન્ટ ડીસ્ટ્રીકટ અંતર્ગત**

આવ્યા નથી ત્યારે આ અંગે સરકારમાં યોગ્ય રજૂઆત કરવામાં આવશે. સાવરકુંડલાના ૩૦૦૦થી વધુ કાંટાના ઉદ્યોગકારોને જી.આઈ.ડી.સી.માં સ્થાન મળે તે માટે પણ રાજય સરકારમાં રજૂઆત કરવામાં આવશે. વન ડિસ્ટ્રિકટ વન પ્રોડકટ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા અમરેલી જિલ્લાની મગફળીની પસંદગી કરવામાં આવી છે ત્યારે ખેડૂતો મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કરી અને લાભ મેળવી શકે છે. ટેકસ્ટાઈલ, ખનિજ અને જિનિંગ–સ્પિનિંગ ક્ષેત્રે અમરેલી જિલ્લાની આગવી ઓળખ છે ત્યારે અમરેલીને આગામી દિવસોમાં ઉદ્યોગ ક્ષેત્રે આગળ લઈ જવા સહિયારા પ્રયાસો કરવામાં આવશે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જિલ્લા વહીવટી તંત્રને વાઈબ્રન્ટ ડિસ્ટ્રીકટ કાર્યક્રમના ટૂંકા ગાળાના આયોજન દ્વારા ઉત્કૃષ્ટ કાર્યક્રમ ઘડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારે મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ થયેલી વાઈબ્રન્ટની વિકાસ યાત્રા આગળ ધપી રહી છે. અમરેલી જિલ્લો સોલાર/વિન્ડ ફાર્મ માટે સાનુકૂળતા ધરાવે છે ત્યારે આ ક્ષેત્રે રોજગારીની વિપૂલતકો રહેલી છે. જેવી રીતે વાઈબ્રન્ટ ગુજરાત થકી ઉદ્યોગના રોકાણ ક્ષેત્રે દેશમાં ગુજરાત રોલ મોડલ રાજય તરીકે વિકસી આવ્યું એવી જ રીતે વાઈબ્રન્ટ ડિસ્ટ્રીકટ– અમરેલી કાર્યક્રમ થકી રાજયમાં રોકાણ ક્ષેત્રે અને વેપાર ઉદ્યોગ માટે અમરેલી જિલ્લો રોલ મોડેલ બને તેવા સહિયારા પ્રયાસો કરવામાં આવશે.

કાર્યક્રમમાં મહાનુભાવો અને ઈન્ચાર્જ જિલ્લા કલેકટર દિનેશ ગુરવના હસ્તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમરેલી અમલીકૃત યોજનાઓના ૪ લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં અમરેલીના સરખેડી ગીરધરભાઈને પીએમઈજીપી યોજના હેઠળ રૂા. ૩૯૩૮૨૫ની સબસિડી, વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત અમરેલીના કાજલબેન મકવાણાને રૂા. ૮૦૦૦૦ની સબસિડી, મોટા ગોખરવાળાના બિપીનગીરી ગોસાઈને રૂા. ૭૨૦૦૦ની સબસિડી, અમરેલીના ખલીલભાઈ કુરેશી દંત્તોપંત ઢેંગડી યોજના હેઠળ રૂા. ૧૮૦૦૦ની સબસિડીના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ સાથે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમરેલી અમલીકૃત માનવ કલ્યાણ યોજનાના લાભાર્થી ભાસ્કર જયંતીભાઈને કડિયાકામની ટૂલકીટ, દિનેશભાઈ વાળાને ધોબીકામની ટૂલકીટ, દિનેશભાઈ ચૌહાણને મોબાઈલ રીપેરીંગની ટૂલકીટ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે હરેશભાઈ વડાવિયા દ્વારા અમરેલી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની સાફલ્યગાથા રજૂ કરવામાં આવી હતી. જયારે નિલકંઠ જવેલર્સના સંચાલક કેતનભાઈ અને અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયાએ ઉદ્યોગ અને સહકાર ક્ષેત્ર વતી સાફલ્યગાથા વર્ણવી હતી. કાર્યક્રમના પ્રારંભે પ્રાંત અધિકારી અમરેલી વિરેન્દ્ર દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યુ હતું, જયારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર ભાટીયાએ કાર્યક્રમની આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રકાશ જોશીએ કર્યુ હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરિયા, બાબરા–લાઠી વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લાના અગ્રગણ્ય ઉદ્યોગપતિ, વેપારીઓ, વેપારી મંડળના પ્રતિનિધિઓ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને લાભાર્થીઓ તેમજ બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૯૫ | ૧૫૫૧ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૨૩૬ |
| ૩ | ઘઉં | ૪૨૬ | ૫૮૨ |
| ૪ | ચણા | ૯૭૬ | ૧૧૩૬ |
| ૫ | અડદ | ૧૬૭૧ | ૧૮૧૫ |
| ૬ | તુવેર | ૮૨૫ | ૮૪૦ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૩૭૫ |
| ૮ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | શીંગ દાણા | ૧૪૫૨ | ૧૪૫૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૦ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૪૩ |
| ૩ | અડદ | ૧૩૬૦ | ૧૬૭૫ |
| ૪ | અજમા | ૧૬૮૩ | ૧૬૮૩ |
| ૫ | ચોળા | ૮૭૦ | ૮૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૩૧ |
| ૭ | સોયાબીન | ૭૭૦ | ૮૪૯ |
| ૮ | મગફળી | ૯૪૦ | ૧૧૦૦ |
| ૯ | મગ | ૧૪૮૦ | ૧૬૧૧ |
| ૧૦ | ધાણા | ૯૧૮ | ૧૧૫૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૧૦૦ |
| ૧૨ | લસણ | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ૧૩ | એરંડી | ૧૧૯૯ | ૧૧૯૯ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૫૦ | ૧૫૮૫ |

પાના ૮ ઉપરનું ચાલું **પિપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારનાં**

ઈસમ કાયદેસરના વાલીપણામાંથી લલચાલી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોય જે અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા મરીન પીપાવાવ પોલીસે આઈપીસી કલમ–૩૬૩,૩૬૬ પોકસો કલમ–૧૮ મુજબનો ગુન્હો મરીન પીપાવાવ પોલીસ સ્ટાફ દ્વારા ચોક્કસ બાતમી આધારે રાજસ્થાન રાજયના જેસલમેર જીલ્લાના લાઠી ગામ ખાતેથી આરોપી નિરજ બાપજીભાઈ સોલંકી ( રહે. કાંઠડી જી. ઉજજેન) વાળાને તથા ભોગ બનનારને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ તજવીજ માટે રાજુલા સર્કલ પોલીસ ઈન્સ.ની કચેરી ખાતે સોંપી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં આંબરડી ગામે**

વતન એવા આંબરડી ગામ ખાતે છેલ્લા ૨૫ વર્ષથી ૨ જી ઓકટોબરના દિવસે ગાંધી જયંતીની એક અનોખી રીતે ઉજવણી કરતા આવ્યા છે. 'ગાંધી કથા'ના માધ્યમથી પુ. ગાંધીબાપુના જીવન ચરિત્ર વિશે ગાંધીજીના વિચારો અને પૂ. બાપુના જન્મથી શહીદી સુધીની આ 'ગાંધી કથા'માં આવરી લેવાય છે.

દીપક માલાણી પોતે જ એક ગાંધીવાદી વ્યકિતત્વ તરીકે પણ ઓળખાય છે, દિપકભાઈએ જણાવેલ કે, આજની યુવા પેઢી ગાંધી વિચારોથી કે મહાત્મા ગાંધીજી કોણ હતા ? તે મુદ્દે દિપકભાઈએ પોતાના વકતવ્યમાં ખાસ ઉલ્લેખ કર્યો હતો. આયોજનમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત દિપકભાઈ માલાણી દ્વારા ગાંધીજીના જીવન ચરિત્ર વિશે વકતવ્ય આપી ઉપસ્થિત શ્રોતાઓને વાકેફ કર્યા હતા. તો માધ્યમિક શાળાના આચાર્ય મુકેશભાઈ માલવિયાના સ્વમુખે ગાંધીજીના જીવન ચરિત્ર વિશે રસપાન કરાવ્યું હતું.

'ગાંધી કથા' દરમિયાન દિપકભાઈ માલાણી, આંબરડીનાં પૂર્વ સરપંચ બાબુભાઈ માલાણી, ઉપ સરપંચ બાવચંદભાઈ ચોડવડિયા, જિલ્લા પંચાયતના સદસ્ય શરદભાઈ ગેદાની, મનસુખભાઈ કસવાળા સહિત મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો તેમજ શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન આંબરડી માધ્યમિક શાળાના આચાર્ય મુકેશભાઈ માલવિયા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કરાયું હતું. ત્યારે માધ્યમિક શાળાના બાળકોએ ગાંધી વિષય પર સ્પીચ રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **ધારીનાં વેપારીની નજર ચુકવીને**

મોટા પાકીટ જેમાં બે પાકીટ હતા. જેમાં વેપારીના દુકાનના પાકીટના રોકડા રૂપિયા ૧૫,૦૦૦ તથા પાકીટ બીજા એક ખીચા પાકીટના રોકડા રૂપિયા ૧૫,૦૦૦ તથા પાકીટ એચડીએફસી બેંકનું એ.ટી.એમ, કાર્ડ તથા બેંક ઓફ ઈન્ડીયાનું એ.ટી.એમ. કાર્ડ તથા બેંક ઓફ બરોડાનું એ.ટી.એમ. કાર્ડ તથા એચ.ડી.એફ.સી. બેંકનું ક્રેડીટકાર્ડ તેમજ દુકાનના માલના બીલ તથા હીસાબના ચોપડાનું મોબાઈલનું ચાર્જર મળી કુલ કિંમત રૂપિયા ૩૦,૧૨૦ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી પાલિકાની જુદી–જુદી ૧૪ સમિતિઓનાં**

પસાર થયેલ હતા. તેમજ આજની સામાન્ય સભામાં અલગ–અલગ ચૌદ સમિતિઓનાં ચેરમેનની પણ નિમણૂંક કરવામાં આવેલ હતી.

અમરેલી નગરપાલિકામાં અઢી વર્ષનાં શાષન બાદ નવનિયુકત પદાધિકારીઓ–સદસ્યોની ઉપસ્થિતિમાં આજે નગરપાલિકા કચેરીનાં સભાખંડમાં પ્રમુખ બિપીનભાઈ લીંબાણીનાં અધ્યક્ષસ્થાને સવારે અગિયાર કલાકે સામાન્ય સભા મળેલ હતી. જેમાં શહેરમાં બાકી રહેલા વિકાસ કામો પૂર્ણ કરવા તેમજ વણથંભી વિકાસયાત્રાને આગળ ધપાવવા સાથેના ઠરાવોને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી તેમજ નગરપાલિકાની અલગ–અલગ ચૌદ સમિતિઓનાં ચેરમેનોની નિમણૂંક કરવામાં આવેલ હતી. જેમાં બાંધકામ સમિતિ ચેરમેન સંદિપભાઈ માંગરોળીયા, ટાઉન પ્લાનીંગ ચેરમેન ચિરાગભાઈ ચાવડા, વોટર વર્કસ સમિતિ નિલેશભાઈ ધાધલ, આરોગ્ય સમિતિ હરિભાઈ કાબરીયા, ગેરેજ સમિતિ અરૂણાબેન બાંભણીયા, ડ્રેનેજ સમિતિ દિપકભાઈ બાંભરોલીયા, વેરા સમિતિ ભાનુબેન કાનાણી, દબાણ હટાવ સમિતિ નિકુલ (સન્ની) ડાબસરા, સાંસ્કૃતિ અને રમત ગમત સમિતિ હેતલબેન વાઢેર, મહેકમ સમિતિ ઉર્મિલાબેન માલવીયા, ગુમાસ્તા સમિતિ તુલસીભાઈ મકવાણાની નિમણૂંક કરવામાં આવેલ હતી.

પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજીયા, દંડક દિલાભાઈ વાળા, શાસક પક્ષના નેતા શિતલબેન ઠાકર, ચિફ ઓફિસર એચ.કે. પટેલ તેમજ શાષક ભાજપ પક્ષનાં સદસ્યો ઉપસ્થિત રહેલ હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૦ | ૧૩૫૦ |
| ૨ | શિંગ મોટી | ૮૯૨ | ૧૪૬૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૭૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૨૫૧ |
| ૫ | તલ કાળા | ૨૯૪૫ | ૩૩૯૯ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૭ | બાજરો | ૩૩૦ | ૪૧૨ |
| ૮ | જુવાર | ૬૪૦ | ૧૦૩૬ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૫૭૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૩ | ૫૫૫ |
| ૧૧ | મકાઈ | ૬૦૭ | ૬૦૭ |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૧૯૨૫ |
| ૧૩ | ચણા | ૮૫૫ | ૧૨૩૭ |
| ૧૪ | તુવેર | ૮૬૦ | ૧૫૦૦ |
| ૧૫ | કપાસ | ૯૮૦ | ૧૬૦૦ |
| ૧૬ | એરંડા | ૮૦૦ | ૧૧૭૫ |
| ૧૭ | ધાણા | ૧૦૭૦ | ૧૩૨૫ |
| ૧૮ | મેથી | ૯૮૫ | ૧૦૦૫ |
| ૧૯ | સોયાબીન | ૭૩૦ | ૮૯૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૭૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૮૦ |
| ૫ | જીરૂ | ૧૦૬૫૦ | – |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૫૭૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૨૬ | ૩૯૨ |
| ૧૦ | જુવાર | ૬૨૩ | – |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | – |
| ૧૨ | મગ | ૧૮૮૭ | – |
| ૧૩ | અડદ | ૧૬૦૧ | – |
| ૧૪ | ચણા | ૯૭૫ | ૧૧૮૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૧ | – |
| ૧૬ | મેથી | ૧૦૦૦ | – |
| ૧૭ | રાય | ૧૨૬૨ | – |
| ૧૮ | અજમા | ૨૬૦૦ | – |
| ૧૯ | સોયાબીન | ૮૩૧ | ૮૯૦ |


**જાહેર નોટિસ**

આથી હુ નીચે સહી કરનાર : સુરેશ બી. મકવાણા એડવોકેટ રહે. અમરેલીના તે અમારા અસીલ ગોરધનભાઈ પુનાભાઈ ગોળ, રહે. વરૂડી (અમરપુર), તા.જિ. અમરેલીનાની મળેલ સુચના, માહીતી અનુસાર લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ, વરૂડી (અમરપુર), તા.જિ. અમરેલી મુકામે રહે છે. અમારા અસીલના નામજોગ એકશ્રી ધીરૂભાઈ ઉકાભાઈ પરવાડીયા, રહે. વલારડી, તા. બાબરાના કુ.મુ. જીતેન્દ્રકુમાર હિંમતભાઈ પરમાર, રહે. અમરેલીનાએ અમરેલી ગામે સુધરાઈ હદમાં વરસડા રોડ રસ્તે આવેલ ''વૃદાવન પાર્ક–૧'' માહેના પ્લોટ નં. ૭૪ પૈકી જનો રે.સ.નં. ૧૧૯ પૈ.જેના ચો.મી. ૯૦.૦૦ નો રજી.વે.દ.અનુ. નં. ૧૧૯૯ થી તા. ૦૭/૦૮/૨૦૦૬ ના રોજ સબરજીસ્ટ્રાર કચેરી અમરેલીમાં કરી આપેલ છે. અમારા અસીલના નામજોગ રજી.વે.દ. કરી આપનારના નામજોગ વે.દ.અનુ.નં. ૧૪૩૬ થી તા. ૧૬/૦૭/૧૯૯૦ ના રોજ થયેલા વેચાણ દસ્તાવેજથી આવેલી છે તે મીલ્કત પૈકીની મીલ્કતનો વેચાણ દસ્તાવેજ અમારા અસીલના નામજોગ કરી આપેલ છે. આમ, અમારા અસીલના નામજોગ થયેલ વેચાણ દસ્તાવેજવાળી જમીન/મીલ્કતનો વેચાણ વ્યવહાર કુ.મુ. મારફત થયેલો હોય અને વેચાણ દસ્તાવેજની રૂઈએ સદરહુ મીલ્કતનું અમારા અસીલે અમારા પાસેથી સદરહુ દસ્તાવેજવાળી મીલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ મળવા માંગણી કરેલ છે.

આમ ઉપર મુજબ અમારા અસીલના નામજોગ રહેલી સદરહુ વેચાણ દસ્તાવેજવાળી મીલ્કતના વેચાણ વ્યવહાર કુલમુખત્યાર મારફત થયેલો હોય તે સમયે કુલમુખત્યારનામુ અસ્તીત્વમાં હોય તે રીતે અમારા અસીલના નામજોગ સદરહુ દસ્તાવેજવાળી મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિત કે નાણાકીય સંસ્થા કે સહકારી કે અર્ધસહકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે સદરહુ દસ્તાવેજવાળી મીલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો થયેલ હોય અથવા તો કોઈપણ ઈસમનો સદરહુ મીલ્કતમાં કોઈ લાગભાગ કે હકક હીસ્સો આવેલ હોય કે ઉપરોકત દસ્તાવેજ કરી આપનારના નામજોગ રહેલ સદરહુ મીલ્કતના વેચાણ દસ્તાવેજે થયા પહેલા સદર મીલ્કતના કુલમુખત્યાર આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય કે રદ થયેલા હોય કે કોઈપણ ઈસમને વાંધા રહેલા હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૩ માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવુ અન્યથા આ અંગે કોઈને હરકત વાંધા કે તકરાર નથી અને જો હોય તો તેઓએ સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અમારા તરફેથી અમારા અસીલને ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ આ અંગેની કોઈજ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જે અંગે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૩/૧૦/૨૦૨૩
સ્થળ :– અમરેલી

**સુરેશ બી. મકવાણા**
**એડવોકેટ–અમરેલી.**
**ઠે. ''ક્રિશ'' બહારપરા, સાવરકુંડલા રોડ–અમરેલી.**



**ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ**

અમો નીચે સહી કરનાર એડવોકેટ ટી.જે. તન્ના રહે. બાબરા અમારા અસીલ જમીન ખરીદનાર ધડુક વિપુલભાઈ ભીખુભાઈની સુચના મુજબ સરનામુ ભોજપરા રાજકોટ બીલીયાળા જી. રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસથી લાગતા વળગતાને જાણ થાય કે અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ફુલજર ગામે સ્વતંત્ર ભોગવટાવાળી ખેતીની જમીન જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ખાતેદારનું નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે. |
|---|---|---|---|---|
| 1 | આયુષકુમાર રમેશભાઈ ભાલોડીયા | 488 | 187/P1 | 0-80-63 |
| 2 | 1. જયાબેન રમેશભાઈ ભાલોડીયા<br>2. રૂપેશકુમાર રમેશભાઈ ભાલોડીયા | 489 | 187 | 0-80-62 |

ઉપરોકત વિગતોવાળી વેચાણ આપનારના નામે ગામ નમૂના નં. ૬ ના નોંધ નં. ૧૪૦૨ જે ક્રમ નં. ૧ વેચાણથી તથા નોંધ નં. ૧૪૦૩ ક્રમ નં. ૨ વેચાણથી રાખેલ છે. તેઓના કબ્જા ભોગવટાની જમીન જેમાં રીંગદાર, ગાડા મારગ, પૈયા–પઠા, જાડ પાનના તમામ હકક સાથે અમો ઉપરોકત લખ્યા માલિકે અઘાટથી તમો ખરીદનારશ્રી ધડુક વિપુલભાઈ ભીખુભાઈ સરનામુ–ભોજપરા રાજકોટ બીલીયાળા, જિ. રાજકોટ વેચાણ કરેલ છે. જેથી ઉપરોકત વેચાણ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હકક–હિત હિસ્સો, બક્ષિસ, અગ્રહકક વારસાઈ હકક કે લેણું ગીરો બોજો કે કોઈપણ બેંક કે સરકારી સંસ્થા કે મંડળી કે પ્રાઈવેટ ફાઈનાન્સ લેણું હોય કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમો ખરીદનાર શ્રી ધડુક વિપુલભાઈ ભીખુભાઈને કરાવી લેશે ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો અમો દસ્તાવેજથી ખરીદનારને બંધનકર્તા રહેશે નહી. જેની તમામે નોંધ લેવી.

સ્થળ : બાબરા.
તા. ૦૪/૧૦/૨૦૨૩
રાજકોટ–ભાવનગર રોડ,
નાગનાથ કોમ્પ્લેક્ષ, બાબરા.
જિ. અમરેલી.
મો. ૯૪૨૮૪ ૪૪૦૨૦

**અમારા અસીલ**
**શ્રી ધડુક વિપુલભાઈ ભીખુભાઈની સુચનાથી**

**એડવોકેટ**
**ટી.જે. તન્ના**

## ગાંધીજીની પ્રતિમાની પૂજા, સત્યનારાયણની કથા સાથે સુંદર આયોજન

# ભૈ વાહ : સાવરકુંડલાનાં આંબરડી ગામે છેલ્લા ૨૫ વર્ષથી યોજાતી "ગાંધીકથા"

**માર્કેટયાર્ડનાં ચેરમેન અને પ્રખર ગાંધીવાદી દીપક માલાણી દ્વારા ૨૫ વર્ષથી થાય છે આયોજન**

**મહાત્મા ગાંધીનાં વિચારો તેમની વિદાયનાં ૭૫ વર્ષ બાદ પણ માનવીનું ઘડતર કરે છે**

**સમગ્ર વિશ્વનાં જનપ્રિય નેતાઓ પણ જેની સમાધિએ નતમસ્તક બને છે તે મહાત્મા ગાંધીમાંથી સૌએ પ્રેરણા લેવી જોઈએ**

**મહાત્મા ગાંધીનાં વિચારોને આધારે સરકાર કામ કરે તો દેશ ચોક્કસ મહાસત્તા બનશે તેમાં કોઈ શંકા નથી**



તસ્વીર : સુભાષ સોલંકી-આંબરડી

આંબરડી, તા. ૩

સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રથી ભારત દેશને અંગ્રજોની પિચાશી ચુંગાલ માંથી આઝાદી અપાવનાર મહાન અહિંસક યોદ્ધા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી, દીપ પ્રાગટય બાદ અનોખી ગાંધી કથા શરૂ કરાઈ હતી. સાવરકુંડલા એપીએમસીના ચેરમેન દિપકભાઈ માલાણી દ્વારા ૨ જી આકટોબર એટલે સમગ્ર વિમાં ' ગાંધી જયંતિ' તરીકે ઉજવણી કરાઈ છે, જેમાં અમરેલી જિલ્લામાં ગાંધી જયંતીના દિવસે તાલુકા વાઈઝ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

ત્યારે ખાસ નોંધપાત્ર બાબત જોઈએ તો સાવરકુંડલાના આંબરડી ગામે અમરેલી ભાજપ કિસાન મોરચાના મહામંત્રી, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને સાવરકુંડલા સહકારી સંઘના ચેરમેન દિપકભાઈ માલાણી પોતાના

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અમરેલી નજીક આવેલ

## જુના ભુતીયા ગામની સીમમાં ઈલેક્ટ્રીક શોક લાગતા પશુપાલકનું કમકમાટીભર્યુ મોત

**ઈલેક્ટ્રીક કરંટ મુકનાર અજાણ્યા ઈસમ સામે ફરિયાદ**

અમરેલી, તા. ૩

અમરેલીમાં પ્રતાપપરા રોડ ઉપર રહેતા મસાભાઈ ભીખાભાઈ મેવાડાનાં પિતાજી ભીખાભાઈ દુદાભાઈ મેવાડા તા. ૨ નાં રોજ બપોરનાં સમયે અમરેલી તાલુકાનાં જુના ભુતીયા ગામની સીમમાં ગૌશાળા પાછળનાં ભાગે પડતર જમીનમાં પોતાના માલઢોર ચરાવતો હતા તે દરમિયાન અચાનક જ કોઈપણ રીતે ગૌશાળા પાછળનાં ભાગે લગાવેલ તાર ફેન્સીંગ પશુપાલકને અડી જતાં આ તાર ફેન્સીંગમાં વધુ પડતો પાવર આપવામાં આવેલ હોય જેમાં ભીખાભાઈ મેવાડાને ઈલેક્ટ્રીક શોક લાગતા તેમનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### વડીયા નજીક આવેલ ચારણીયા રોડ ઉપર

## ભાઈનાં મૃત્યુનાં ગમમાં બહેને ઝેરી દવા પી અંતિમ વાટ પકડી

**મૃતક મહિલાનાં ભાઈ ૫-૬ મહિના પહેલા મરણ ગયેલ હતા**

અમરેલી, તા. ૩

વડિયાનાં ચારણીયા રોડ ઉપર રહેતા રેહાનાબેન હારૂનભાઈ બાલાપરીયા નામનાં ૪૬ વર્ષિય મહિલાને સગો એક જ ભાઈ હતો. તે ૫-૬ મહિના પહેલા મરણ ગયેલ હોય ત્યારથી તેણી પણ ''મારે મરી જવું છે'' તેવો બકવાસ કર્યા કરતા હોય. જેથી તેણીએ તા. ૨ નાં રોજ પોતાની મેળે ઘઉંમાં નાખવાના ઝેરી દવાનાં ટીકડા પી લેતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવતા રસ્તામાં મોત નિપજયાનું વડિયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### એસ.પી.ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## પિપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારનાં ખેરા ગામે થયેલ અપહરણની ઘટનાનો ભેદ ખુલ્યો

**આરોપી અને ભોગ બનનારને શોધી કઢાયા**



અમરેલી તા. ૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા ગુમ / અપહરણ થયેલ બાળકો / મહીલાઓ / પુરૂષોને શોધી કાઢવા સઘન ઝુંબેશ હાથ ધરી ગુમ / અપહરણ થનાર વ્યક્તિઓને શોધી કાઢી અનડીટેક ગુન્હાઓ ડીટેક કરવા સુચના આપેલ હોય તેમજ સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરા દ્વારા જરૂરી માર્ગદર્શન આપેલ હોય ગઈ તા.૧૬/૯ ના રાત્રી દરમ્યાન મરીન પીપાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારના ખેરા ગામેથી ૧૬ વર્ષ ૩ માસ વાળીને કોઈ અજાણ્યો

**અનુસંધાન પાના ૬ ઉપર**

### પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનની નિમણૂંક થયા બાદ

## અમરેલી પાલિકાની જુદી-જુદી ૧૪ સમિતિઓનાં ચેરમેનપદે નગરસેવકોની નિમણૂંક કરવામાં આવી

**નવનિયુક્ત ચેરમેન ઉપર મિત્રો, શુભેચ્છકો દ્વારા અભિનંદનવર્ષા**



અમરેલી, તા. ૩

ભાજપ શાષિત અમરેલી નગરપાલિકામાં આગામી અઢી વર્ષ માટે નવનિયુક્ત પ્રમુખનાં અધ્યક્ષસ્થાને આજે નગરપાલિકા કચેરીનાં સભાખંડમાં સામાન્ય સભા યોજવામાં આવેલ હતી. આજની સામાન્ય સભામાં રજુ થયેલ તમામ એજન્ડા સર્વાનુમતે

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અજાણી મહિલાએ કામ પાર પાડયું

## ધારીનાં વેપારીની નજર ચુકવીને રૂપિયા ૩૦ હજારની ઉઠાંતરી કરી લેવાઈ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૩

ધારી ગામે આવેલ કોળીપામાં રહેતા અને ધારી મેઈન બજારમાં પોતાની શીંગાર નોવેલ્ટી સ્ટોર નામની દુકાન ધરાવતા ચીન્ટુભાઈ નવીનચંદ્ર જસાણી નામના વેપારી આજે સવારે પોતાની દુકાનનો સામાન ગોઠવતા હતા. તે વખતે એક અજાણી બહેન ટમેટા કલરની સાડી પહેરેલ હતી અને પાતળા બાંધાની આશરે ૩૫ થી ૪૦ વર્ષની દુકાને આવી ચુંદડીના ભાવ પુછવાના બહાને ફરીયાદીની નજર ચુકવી કાળા કલરનું મોટું પાકીટ તથા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સાવરકુંડલા નજીક આવેલ

## હાથસણી રોડ ઉપર વાડી વિસ્તારમાં યુવતીએ બીમારીથી કંટાળી ઝેરી દવા પી લેતા મોત

**દોઢેક મહિનાથી તાવ તથા પડખામાં દુ:ખાવો થતો હતો**

અમરેલી, તા. ૩

સાવરકુંડલા નજીક હાથસણી રોડ ઉપર રહેતી સેજલબેન ભુપતભાઈ જીંજુવાડીયા નામની ૨૦ વર્ષિય યુવતીને છેલ્લા દોઢેક મહિનાથી તાવ આવતો હોય તથા પડખામાં દુ:ખતું હોય. જેથી તેણીએ પીડાથી કંટાળી જઈ પોતાની મેળે અનાજમાં નાખવાનાં ઝેરી ટીકડા પી લેતા તેણીનું મોત થયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)